કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૨૯ ● જાન્યુઆરી, ૨૦૧૮



## અમદાવાદ મંદિરમાં ધનુર્માસ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



















૧. ગાંધીનગર સેક્ટર-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અમૃતવર્ષામહોત્સવ પ્રસંગે પુસ્તકનું વિમોચન કરતા અને સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨.રાણીપુરા ગામે નૂતન મંદિરનું ખાત મુર્હૂત કરતા અને સભામાં આશીર્વચન પાઠવતા પૂ. મહારાજશ્રી. ૩. ગાંધીનગર સેક્ટર-૨ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન. ૪. પટનામાં શેઠશ્રી જાલન સાહેબને ત્યાં પટના સાહેબ ગુરૂદ્વારાના પ્રતિનિધિઓ પ.પૂ.મોટા મહારાજશ્રીનું સન્માન કરતા. ૫.મોટેરા મંદિરમાં રાત્રી કથા કરતા શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) ૬. આપણા કાનપુર (યુ.પી.) મંદિરની પ્રતિષ્ઠા બાદ પ્રથમ વાર દર્શને પધારતાં પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે મંદિરની જમીનના દાતા શ્રી રાજેન્દ્રભાઈ પટેલ પરિવાર .



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૧ ● અંક : ૧૨૯

જાન્યુઆરી-૨૦૧૮

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૬ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૭ |
| ૦૩. | ગરુડ ઘંટી | ૦૬ |
| ૦૪. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૦૯ |
| ૦૫. | અભ્યાસેન કૌન્તેય | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૮ |
| ૦૯. | પ્રશ્નપેટી | ૨૦ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૧ |

# अस्मदीयम्

"પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેય ને વિષે તો ઘણો ફેર છે. પણ જે અજ્ઞાની છે ને અતિશય મૂર્ખ છે તે તો ભગવાન અને માયિક આકારને સરખા જાણે છે, કેમ જે, માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારના જે ચિંતવન કરનારા છે, તે તો અનંત કોટી કલ્પ સુધી નરક ચોરાશીને વિષે ભમે છે, અને જે ભગવાનના સ્વરૂપના દર્શન કરનારા છે ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે, તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેના બંધન થકી છૂટીને અભયપદને પામે છે, ને ભગવાનના પાર્ષદ થાય છે. **માટે અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનને તૃપ્તિ થતી જ નથી, ને તમારે પણ સર્વેને એવી જ રીતે કરવું."** (ગ.મ.વ.-૪૯)

આ વાત બહુ જ સમજવા જેવી અને હૃદયમાં ઉતારવા જેવી છે. ભગવાનને બીજા જેવા જાણવા એ પણ મોટો અપરાધ છે. ભગવાન તો એક ભગવાન છે. તેની પમા કોઈને ન અપાય તેનું ખાસ ધ્યાન રાખવું.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ




# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર-૨૦૧૭)

૮-૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મુંદ્રા (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર મણીયોર (ઈડરદેશ) કથા પ્રસંગે પધરામણી.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપુરા નૂતન મંદિરના ખાત મુહૂર્ત પ્રસંગે તથા ઈલોલ (તા. હિંમતનગર) રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૧૮ સંતરામપુર (પંચમહાલ) ગામે કથા પ્રસંગે પધરામણી.
૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર જામસર (હાલાર-મૂળી દેશ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા કથા પ્રસંગે પધરામણી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા કથા પ્રસંગે પધરામણી.
૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૩-૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી.
૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨૩) પધરામણી.
(સાંજે) શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પ્રસંગે પધરામણી.
૨૭-૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.
૩૧ થી ૨ જાન્યુ.-૨૦૧૮ માંડવી (કચ્છ) કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.





## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર-૨૦૧૭)

૧૦ કુબડથલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સત્સંગ યુવા શિબિર પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ.
૧૭ બાલવા ગામે કથા પ્રસંગે પધરામણી.
૨૩. બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૩૧. બાપુપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

# ગરુડ ઘંટી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



આપણી વૈદિક તથા પૌરાણિક પરંપરાગત પૂજા વિધિઓ સવિસ્તાર અને સંક્ષેપ બન્ને રીતે દેશકાળને ધ્યાનમાં રાખીને થતી હોય છે. તેમાં સાધન-સામગ્રી સમીધા પૂજાપો હવિષ્યાન્ન આદિ કોઈની પાસે નિયમ મુજબ પુરતા પ્રમાણમાં હોય, અથવા જે સમયે જે હાથવગુ હોય તેનાથી કામ ચલાવી લેતા હોય છે. પરંતુ મંદિર શિખરબધ્ધ હોય કે હરિમંદિર કે ઘર મંદિર કે વ્યવસાયમાં ગોખલો હોય તે બધામાં આરતી દીવી અને ઘંટડી તો હોય હોયને હોય જ.

ઘંટીને શાસ્ત્રોમાં ગરુડ ઘંટી નામે ઓળખાય છે. ઘંટીના રુપે સાક્ષાત્ ગરુડજી બિરાજે છે. ઘંટીમાં ગરુડજીનો વાસ હોવાથી પૂજા સેવામાં આદરપૂર્વક તેની ઉપસ્થિતિ અનિવાર્ય છે. તેથી તેના પૂજન અને તેનો ઉપયોગ કરવામાં આવે છે. ગરુડજી ભગવાન શ્રી નારાયણના વાહન છે. તેના પર ભગવાન બિરાજમાન થઈને ભક્તોની પૂજા સ્વીકારવા અને દર્શન આપવા પધારે છે. તેની પાછળ પૂર્વ એક ઈતિહાસ બન્યો છે જે,

મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ અને લક્ષ્મણજી લંકાપતિ રાવણના પોતાના સૈન્યની સાથે પરસ્પર લડાઈ લડાઈ લડી રહ્યા હતા. તે વખતે બન્ને પક્ષે પોતાની પાસે રહેલા અસ્ત્ર શસ્ત્રોનો પ્રયોગ કરીને લક્ષ પાર પાડવા જીવન મરણની લડાઈ લડી રહ્યા છે. તે સમયે રાવણનો પુત્ર મેઘનાદ સેનાપતિ પદે લડાઈ લડી રહ્યો છે ત્યારે મેઘનાદે (ઈન્દ્રજીતે) નાગપાસ રૂપી અસ્ત્રનો પ્રયોગ રામ લક્ષ્મણ પર કર્યો. એટલે ભગવાન શ્રીરામ-લક્ષ્મણ મેઘનાદના નાગપાસથી બંધાઈ ગયા. સેના અધિપતિ બન્ને જ્યારે નાગપાશમાં બંધાયા એટલે રામના સૈન્યમાં સંકટના વાદળો છવાઈ ગયા. ભગવાન શ્રીરામ સમર્થ સ્વતંત્ર હોવા છતાં અસમર્થપણાની પ્રભુની એવી લીલાથી રામના સૈનિકો-દેવો-ઋષિયો-દિગ્પાલો-સહિત આખા બ્રહ્માંડના લોકોને વિચાર કરતા કરી મૂક્યા. પણ કોઈની તાકાત નથી કે તે નાગની પાસે જઈ શકે. ભગવાનને મુક્ત કરી શકે. ભગવાન સ્વયં અસમર્થપણું જણાવા લાગ્યા.

તે વખતે તત્કાળ હોટ લાઈનની સેવામાં નારદ મુનિ ભગવાનની આ લીલાના દર્શન કરીને ચિંતા કરતા તત્કાળ તેનો ઉપાય શોધવા લાગ્યા. અને તુરંત દોડીને ગરુડજી પાસે પહોંચી ગયા. બે હાથ જોડીને શ્રી ગરુડજીને વિનંતી કરી કે હે ગરુડ દેવ ! તમે જન્મથી સર્પ-નાગના શત્રુ છો તમને જોઈને નાગ સર્પ ડરીને નાસી જાય છે. તો આજે ભગવાન શ્રીરામ-લક્ષ્મણ મેઘનાદની અસ્ત્રરૂપી શક્તિના પ્રયોગથી ''નાગપાસ'' નાગરૂપી બંધનથી રામ-લક્ષ્મણના દેહ બંધાઈ ગયા છે. તો તમારા સિવાય આ બંધનમાંથી મુક્ત થવાનો ઉપાય બ્રહ્માંડમાં કોઈની પાસે નથી તો જલ્દી પધારો. અને ભગવાનની સેવાનો અવસર મળ્યો છો તે તક ઝડપી લો.

નારદજીનું વચન કોઈનાથી રદ ના થાય એવી વાણીમાં મધુરતા-ચપળતા-દક્ષતા ભગવાને તેમને આપી છે. ગરુડજીનો સ્વભાવ અતિ રજોગુણી હતો તેઓને સેવા-ધર્મમાં કોઈ વિશેષ રુચિ હોતી નથી. પણ ''નારદ'' ની વાત કોઈ રદ ના કરી શકે એટલે નામ નારદ રાખવામાં આવેલ છે.

મુનિ નારદજી ગરુડ પર બેસીને સંગ્રામ સ્થળ મેદાન પર શ્રીરામ-લક્ષ્મણની પાસે આવ્યા. ગરુડજીના

આગમન માત્રથી વિષયેલા અસંખ્ય ભયંકર નાગ-સર્પો તત્ક્ષણ પલાયન થઈ ગયા. અને ભગવાન રામ-લક્ષ્મણ નાગપાસથી મુક્ત થયા. ત્યારે ત્રિલોકીના લોકોના શ્વાસ હેઠા બેઠા.

ભગવાન શ્રી રામ-લક્ષ્મણે ગરુડનો ઉપકાર માન્યો અને બે હાથ જોડી શ્રીરામ બોલ્યા કે હે ગરુડ ! તમે જો અહીં ન આવ્યા હોત તો અમને નાગપાસમાંથી મુક્ત કરવા કોઈ સમર્થ નહોતું. ગરુડની કીર્તિ વધી સાથે ગર્વ પણ વધ્યો. ભગવાને ગરુડનો મહિમા વધારવા અને ભક્તને યશ આપવા - કીર્તિ વધારવા ગરુડને નિમિત્ત બનાવ્યા. તેનું અનુસંધાન ન રહ્યુ. ભગવાન તો સર્વ સમર્થ અને ગર્વગંજન છે. પણ ક્યારેક પોતાના ભક્તનો મહિમા વધારવા પોતે પરાજીત થઈને ભક્તને જીત અપાવે છે.

ગરુડજીએ નાગપાશથી ભગવાનને મુક્ત કર્યા પછી પોતાને ને પોતાનો ગુણ આવ્યો. ગર્વ-અહંકાર-અભિમાનનો પ્રભાવ વધી જતાં પોતે પોતાના વખાણ કરવા લાગ્યા.

ભગવાનનો મહિમા ગાય સાથે સાથે તેઓએ કરેલ મદદ પણ ગાય, હવે તેમને ભગવાનની વાતમાં વધુ રસ ન રહ્યો, અને પોતાની વાત વિસ્તારીને કહેવા લાગ્યા. અભિમાન એવો દોષ છે કે, પોતાને પોતાનું ભાન રહેતું નથી. પરિણામે પોતે સંપાદન કરેલી સેવા-સત્સંગ-તપ-ક્ષીણ થઈ જાય અને છેવટે આસુરી બુધ્ધિ થવા લાગે છે.

ગરુડજી એ વાત ભૂલી ગયા કે ભગવાને મારી સેવા અંગીકાર કરવા મને માત્ર નિમિત્ત બનાવ્યો છે.

જ્યાં કોઈ ચર્ચા હોય - ઉત્સવ હોય - સત્સંગ હોય - યજ્ઞ હોય જ્ઞાન વાર્તા હોય તેમાં ગરુડજી નાગપાશની વાત તો કરે કરેને કરે જ.

હદ ત્યારે વટી ગઈ કે મુનિ નારદની પાસે જઈ પોતાની કથા શરૂ કરી. હવે નારદજીથી સહન ના થયું. કહ્યું કે, અરે ગરુડ ! ભગવાને તારી મોટાઈ વધારવા તને નિમિત્ત કર્યો. તેમાં તું શું શાને માટે ફુલાય છે. રાત દિવસ જે કોઈ મળે, જ્યાં મળે ત્યાં ત્રિલોકીમાં બધાની પાસે તારી બડાઈ મારવા બોલ બોલ બોલ બોલ કર્યા કરે છે ! તો ઘંટડીના અવાજની જેમ અવાજ કર્યા જ કરે છે. તારો અહંકાર સીમાપાર ગયો છે. તો જા તું, ઘંટડી બની જા !!! અને પછી બોલ્યા જ કરજે.

મુનિ નારદનું વચન પૂર્ણ થતાં ગરુડદેવ ઘંટડીના આકારે બની ગયા. અને બે હાથ જોડી માફી માગવા લાગ્યા. ક્ષમા કરો દેવર્ષિ ! ત્યાં તો નારદ અદ્રશ્ય થઈ ગયા.

તે સમયે ભગવાન શ્રી નારાયણ પ્રગટ થયા. ઘંટીના આકારવાળા ગરુડે સ્તુતિ કરી શાપમાંથી મુક્ત થવા વિનંતી કરી. ભગવાન કહે નારદનો શાપ મારાથી મિથ્યા નહિ થાય. હે ગરુડ રાજ ! અમે તમને વરદાન આપીએ છીએ કે, તમને અમે અમારા વાહન તરીકે અખંડ સેવામાં સદાય રાખશું. અને સદાય અમારી સાથે અમારા વૈકુંઠ ધામમાં સામિપ્યનું સુખ આપીશું.

ઘંટીના આકારે ગરુડ ઘંટી બનીને અમે અમારા સ્વરુપની સાથે રાખીશું. ચૌદ લોકમાં જ્યાં જ્યાં અમે પ્રગટ રહીએ ત્યાં ત્યાં તમને સાથે રાખીશું. તમારાથી ક્ષણ વાર પણ અમે અળગા રહેશું નહિ. જ્યાં અમારી કે દેવ-દેવીની પૂજા થતી હોય ત્યાં તમને સાથે રાખશું.

હે ગરુડ રાજ ! ગરુડ ઘંટી વિના અમને ચૌદ લોકમાં કોઈ પણ દેવ-દાનવ-માનવ-રાજા-મહારાજા, સકામ-નિષ્કામ, નિત્ય, નૈમિત્તક, જપાત્મક, હોમાત્મક, પ્રાર્થના-પૂજા-સેવા-સંક્ષેપમાં કે વિસ્તારથી ધૂપ-દીપ-નૈવેદ્ય પંચોપચાર-ષોડશોપચાર વડે સત્કર્મ સેવા કરશે તો તમારા વિના અમે અંગીકાર કરશું નહિ. તથા જ્યારે જે સમયે જે કોઈ દેવ-દાનવ-માનવ સમયે કસમયે, ભાવે કુભાવે, પાત્ર કુપાત્ર, યોગ્ય - અયોગ્ય, ટાણે કટાણે ગરુડ ઘંટીનો નાદ કરશે ત્યાં અમે તત્કાળ પ્રગટ થઈશું. અને તે ભક્તએ સેવા-પૂજાના જે જે મનોરથ કર્યા હોય તે ગરુડ ઘંટીના નાદ વડે અંગીકાર કરશું. તમે અમારા નિજી સેવક બનીને રહેશો. મુનિ નારદે શિક્ષા આપી અને ભગવાન નારાયણે દીક્ષા આપી.

ભગવાનના અઢળક વરદાનથી ગરુડ દેવ ન્યાલ બની ગયા. ઠાકોરજીએ સેવાના બદલામાં વરદાન આપી કૃતાર્થ કર્યા. ભગવાનના મંદિરમાં અખંડ સામિપ્યમાં અવિભાજય અંગ તરીકે ગરુડ દેવને સ્થાન મળ્યું. સાથે સાથે ભગવાનની સાથે મંદિરમાં અને વાહન રુપે સેવા મળી.

ત્યારથી મંદિરમાં ભગવાનની સાથે સાથે ગરુડ દેવ પણ પૂજાય છે. ઘંટીના રુપમાં અને વાહનના રુપમાં હોય

છે. કેટલાક સંપ્રદાયમાં વાહન સ્વરુપ ગરુડજીને દ્વારની પાસે અને ગરુડ ઘંટીના રુપે સામિપ્યમાં રાખવામાં આવે છે.

આપણી પૂજાવિધિમાં ગરુડ ઘંટીને બહુજ મહત્વનું સ્થાન આપ્યું છે. એટલે મંદિરમાં ગરુડ ઘંટીનું પૂજન કરવું. ગરુડ ઘંટીના નાદ વિના ભગવાન કોઈપણ પ્રકારની પૂજા સેવા નૈવેદ્ય સ્વીકારતા નથી.

ગરુડ ઘંટીનો નાદ અવશ્ય કરવો - નૈવેદ્ય જમાડવામાં, હસ્ત પ્રક્ષાલન મુખવાસમાં, દીપદાન, શયન, ઉત્થાપન, આરતીમાં અને આરતી પૂર્ણ થતાં ગરુડ ઘંટીને આરતીની ચાર પરિક્રમા કરાવવી, જયના આરંભે, પૂજાના પ્રારંભે, સમાપને, સ્તુતિ-પ્રાર્થના, યજ્ઞ વિધિના એક એક ઉપચારે, પ્રારંભ, પૂર્ણાહુતિ, પ્રાતઃકાળે, શાયમ્‌કાળે, જ્યારે પણ જે પ્રકારની સેવા-પૂજા અર્પણ કરવાની હોય ત્યારે ગરુડ ઘંટીનો નાદ કરવો. ત્યારે જ ભગવાન જે તે મનોરથ અંગીકાર કરે છે. એવું વચન ભગવાને ગરુડજીને આપ્યું છે.

એટલે મંદિરમાં કે ઘરના પૂજા સ્થળમાં ગરુડ ઘંટી અવશ્ય રાખવી અને આદરપૂર્વક મર્યાદા જાળવવી. ભગવાનને ચાંદલો કરો ત્યારે સાથે સાથે તેને પણ કરવો. સમય-શ્રદ્ધા-શક્તિના અભાવમાં બીજું ના થાય તો પણ ભગવાનના મંદિરમાં ગરુડ ઘંટી તો અવશ્ય રાખજો. ભગવાને કહ્યું છે કે, ગરુડનો નાદ અન્યને પ્રિય હોય કે ના હોય પણ અમને તો ખૂબજ પ્રિય છે.

ગરુડના આકારવાળી તથા શેષના આકારવાળી બન્ને ગરુડ ઘંટી કહેવાય છે. સત્સંગીઓએ, પૂજારીઓએ ઘરમાં અને મંદિરમાં ઘંટી આદર પૂર્વક રાખવી. ભગવાનને ઉત્થાપન-શયન-થાળ-આરતી ટાણે ગરુડ ઘંટી અવશ્ય વગાડવી. ભગવાને જે ભક્તને જે તે વચન વરદાન આપ્યા ઘંટીની આદર પૂર્વક પૂજા કરે તેને કાળ-સર્પ-નાગ-દોષ-રોગ-તાપ-સંતાપનો ભય રહેતો નથી. જ્યાં ગરુડજી હોય ત્યાં કાળનું પ્રધાનપણું રહેતું નથી. ગરુડજી કાળના જન્મથી શત્રુ છે. ગરુડની માતા ''વિનતા'' અને સર્પની માતા ''કદ્રુ'' બન્નેની પરસ્પર શત્રુતા હોવાથી ગરુડને સર્પની શત્રુતા વારસામાં મળી છે. એવી કથાઓ પુરાણમાં ભગવાન વેદ વ્યાસ કૃષ્ણ દ્વૈપાયને લખી છે.

દેવ મંદિરમાં આરતી સમયે થતો ઘંટનાદ તેમજ મૂર્તિ મંદિરની સાથે ''ઘંટ'' રાખવામાં આવે છે અને જે ભક્ત દર્શન કરે ત્યારે તે ઘંટનાદ અવશ્ય કરે છે. હનુમાનજી, મહાદેવજી, ગણપતિ, દેવ, દેવી આદિના દર્શન કરતી વેળાએ વગાડે છે. કેટલાક ભક્તો ગરુડ ઘંટી અર્પણ કરવાની મનોકામનાઓ પણ કરે છે. છપિયા પાસે આવેલા પ્રસાદીના પતિજીયા મહાદેવ મંદિરમાં હજારોની સંખ્યામાં ભક્તો ગરુડ ઘંટી વર્ષો વર્ષ ભગવાનને અર્પણ કરે છે.

આપણા કાલુપુર મંદિરમાં અંદર જતાં જ હનુમાનજીની પાસે ''ગરુડઘંટ'' રાખેલ છે. તથા વાહન સ્વરૂપે શ્રી નરનારાયણદેવના સિંહાસનના નીચેના ભાગમાં ગરુડજી વાહન સ્વરૂપે બિરાજમાન છે.

**મહા સુદ-૧૫ પૂનમ ચંદ્ર ગ્રહણ પાળવાનું છે**

મહા સુદ-૧૫ તા. ૩૧-૧-૨૦૧૮ બુધવાર ચંદ્રગ્રહણ વેધ તા. ૩૧-૧-૧૮ બુધવાર સવારે ૮-૧૫ શરૂ થાય છે. ત્યારબાદ ભોજન કરવું નહી.

ગ્રહણ સ્પર્શ સાંજે ૫-૧૫ મિનિટ
ગ્રહણ મધ્ય સાંજે ૭-૦૦ કલાકે
ગ્રહણ મોક્ષ રાત્રે ૮-૪૫ મિનિટ

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org
ધોળકા : www.swaminarayanmandirdholka.co.in

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**કલોલ (પંચવટી) મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તા. ૨૭-૧૧-૨૦૧૭ :** ભગવાન બહુ રૂપાળા છે. ઉત્તર ગુજરાતના હરિભક્તો ખાંટી ગયા ખરા ! ઘણા વર્ષોથી અમે તથા પી.પી. સ્વામી વગેરે સંતો વિચાર કરતા હતા કે આ વિસ્તારમાં હરિમંદિરો ઘણા છે. નાના-મોટા ગામોમાં વર્ષે બે વખત અમે જતા હોઈએ છીએ જેથી ઘણા બધા હરિભક્તોની અમને ઓળખાણ પણ છે. પરંતુ સત્સંગના વિશેષ પોષણ માટે જે મૂળ મથકો છે કે જ્યાં ઉત્સવ સમૈયા થઈ શકે, સૌ ભેગા થઈ શકે, ભગવાનનું દર્શન કરે તેમાં આ કલોલ એ સેન્ટર છે. ચર્ચા કરી. આ જી.કે. પટેલ તથા દશરથભાઈ વગેરે સૌ બેઠા છે, એ સમયે પૈસાની બહુ સગવડ નહોતી, બધુ માંગીને ભેગું કરવુ પડે તેમ હતું તેમ છતાં બધાએ ભેગા મળીને જગ્યા લીધી તેમાં આ કલોલનો બહુ મોટો ફાળો છે. દેશ વિદેશમાં અમે જ્યાં પણ જતા ત્યાં જો કોઈ ઉત્તર ગુજરાતના હરિભક્તો મળી જાય તો પૂછે કે કલોલ પ્રતિષ્ઠાની કઈ તારીખ છે ? અથવા ઘણા અમને તારીખ જણાવીને કહેતા કે અમારે પ્રતિષ્ઠામાં દર્શન કરવા આવવાનું છે. આટલી ભક્તોમાં તાલાવેલી હતી. ઉત્સાહ હતો. તો વાત એ હતી કે **ભગવાન બહુ રૂપાળા છે, મંદિર બહુ રૂપાળું છે અને આ ઉત્તર ગુજરાતનો સત્સંગ પણ રૂપાળો છે. આ ભૂમિ બહુ પવિત્ર છે. આ ગામડાઓમાં મહારાજ અનેકવાર આવ્યા છે.** એ વખતના જે પૂર્વજો છે તેઓએ આપેલા સંસ્કારનો જે વારસો છે તે હાલના આ પરિવારે જાળવવાનો છે અને તે માટે આ મંદિર છે. **કોઈ ગમે તેટલી વાતો કરતા હોય પરંતુ મંદિર અનિવાર્ય છે. મંદિર વિના છૂટકો જ નથી. ભગવાન અને મંદિર વિના ઉદ્ધાર થાય એવું અમે તો જોયું નથી. અંતમાં તો માણસ હે ભગવાન ! કહીને ઉભો રહે છે ખરુને !**

આપણે ભાગ્યશાળી છીએ કે આપણને ભગવાન તથા સત્સંગની આ પરંપરા મળી છે. આપણી એટલી જ જવાબદારી છે કે એ પરંપરા ચાલુ રહે. તમે બધા અહીં બેઠા છો. બીજી બાજુ યુવાનોની મોટી ફોઝ છે કે જેઓ સેવામાં છે. તેઓની ભવિષ્યની પેઢી અને તેઓની પણ ભાવિ પેઢીમાં સંસ્કાર, સત્સંગ અને ભગવાન જળવાય રહે એ જવાબદારી આપણી છે. **રૂપિયા તો બધા જાળવી રાખે છે. પરંતુ જો દીકરા-દીકરીઓને સુખી કરવા હશે તો ભગવાન સિવાય ઉધ્ધાર નથી. મારી વિનંતી છે કે વીલ કરો તેમાં વારસદારને ભગવાન આપજો. દુકાન અને મકાન તો એમ જ લઈ લેવાના છે. રાહ નહિ જુએ કે વીલમાં શું લખ્યું છે ?** ભગવાન અને સંસ્કાર અપાતા નથી. કોઈ કહેતા હોય કે અમે સંસ્કાર આપીશું તો એ તેમની શક્તિ જ નથી, ક્ષમતા જ નથી ! હા, આપણે એ માટેનું વાતાવરણ જરૂર ઉભું કરી શકીએ. તમે ટ્રાય કરજો. તમારા સંતાનને કહેજો કે સવારે ઉઠીને તું આમ કરજે, તેમ કરજે. સવારે કીધું હોય તેના કરતા ઉંધુ ન થાય તો કહેજો !

જે ભગવાન મંદિરમાં છે તે જ ભગવાન આપણા ઘરમાં પણ બિરાજે છે. સિંહાસન કે ભગવાન વિનાનું એકેય ઘર નહિ હોય. સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે રસોઈ તૈયાર થાય એટલે ઘરમાં બિરાજતા ઠાકોરજીને થાળ ધરાવીને પ્રસાદી અન્ન જમવું. આપણે જગતમાં બીજી મહેનત ઘણી કરીએ છીએ પરંતુ ઘરમાં ૪ થી માંડીને ૧૦ વર્ષ સુધીના જે સંતાનો છે કે જેઓ થાળી પકડી શકે છે તેઓને ઠાકોરજીને થાળ ધરાવીને પ્રસાદીનો કરવાનું ક્યારેય કહીએ છીએ ? કે પછી ક્યાંક તો કદાચ ભગવાન સિંહાસનમાં સીંગસાકરીયા જમતા હોય અને આપણે માલપુવા ખાતા હોઈએ એવું પણ બને ! સભામાં બહેનોની સંખ્યા કાયમ ફુલ જ હોય છે. સાંખ્યયોગી બહેનો પણ ઘણા આવ્યા છે. ઘરનું રસોડું બહેનોના હાથમાં હોય છે. નાની વયના સંતાનોને થાળ ધરાવવાનું કહેશો એટલે થોડીવાર તો હચમચી જશે પરંતુ જલ્દી જમવાની ઈચ્છાથી થાળ ઠાકોરજીને ધરાવશે તો ખરા, પછી થાળ ભલે બોલતા ન આવડતો હોય. નાની વયમાં ભલે જીંદગીમાં ત્રણ વાર થાળ ધરાવ્યો હોય પરંતુ એ જ

દીકરા-દીકરીઓ જ્યારે ૩૫-૪૦ કે ૫૦ વર્ષના થશે ત્યારે તેને યાદ આવશે કે મારા બા-બાપુજી મને સિંહાસનમાં ઠાકોરજીને થાળ ધરાવવા માટે મોકલતા હતા. તો સરવાળે નાની નાની બાબતોથી દુનિયા મોટી થાય છે, સંસ્કારોનું વાતાવરણ સર્જાય છે.

આ ટોપી વાળા તથા ફાળિયા વાળા વડીલો બેઠા છે. તેઓને પૂછો એટલે કહેશે કે ચોમાસામાં સંતો ગામડા ફરવા આવતા અર્થાત્, નામ-ધર્માદો લેવા અને એ નિમિત્તે કથા-વાર્તા કરવા આવતા. એ સમયે ઠાકોરજીની પ્રસાદી-એક મગસનો આઠમો ભાગ મળતો. તેનો સ્વાદ ડાઢે વળગ્યો છે કે આજે અહીં જ પાછા આવીને બેઠા છીએ. આપણા એક સંત તેઓ મને કહેતા હતા કે હું જ્યારે નાનો હતો ત્યારે અમારા ગામમાં સંતો આવે એટલે સાથે ઠાકોરજીનો પ્રસાદ-મગસ લાવે. અમે ૨૦-૨૫ છોકરાઓ મંદિરે મગસની પ્રસાદી મળે તે હેતુથી જઈએ. તે સમયે મગસનું પેકેટ ૧ કિ.ગ્રા.નું નહોતું એ તો આજે પ્રસાદીની રેલમ છેલ છે. બે નાના કટકા કે ક્યારેક તો મગસનો ભૂકો ભાગમાં આવે. સાંજે સીંગસાકરની પ્રસાદી મળે. પરંતુ એ પ્રસાદીના સ્વાદે અમને મંદિરે આવતા કર્યા. પછી સાધુની દીક્ષા લીધી. તમે વિચાર કરો કે. **આજે આ સાધુ અન્ય ઘણાં લોકોને ભગવાન ઓળખાવે છે. પ્રસાદનો તથા ભગવાનનો આ મહિમા છે. એટલે વાતાવરણથી સંસ્કાર આવે છે. ઉપદેશથી સંસ્કાર નથી આવતા.**

આપણે કોઈ કામ કરાવવા માટે લાંચ આપવા ટેવાયેલા છીએ. આ જ બાબતનો ઉપયોગ સારી વસ્તુ માટે, સંતાનોના સંસ્કાર માટે પ્રયત્ન કરી શકાય. છોકરીને કહેવું, તું ઠાકોરજીને થાળ ધરી આવ, હું તને ચોકલેટ લઈ આપીશ. જો તું આખું અઠવાડિયું આમ કરીશ તો હું તને ફરવા લઈ જઈશ. છોકરું કહેતું હોય કે મારે ફલાણા ગેઈમનું ડિવાઈસ જોઈશે તો કહેવું હા, મળી જશે પરંતુ તું પ્રથમ આટલું કર. આમ પણ આપણે તેના માટે જે માગતા હોય તે લાવી આપતા જ હોઈએ છીએ. તો પછી સારા માર્ગે તેનો ઉપયોગ કેમ ન કરીએ ? કોઈની ઈર્ષ્યા કરવી એ સારી વસ્તુ તો છે જ નહિ. ઈર્ષ્યા એક દોષ છે તો પણ વચનામૃતમાં મહારાજે કહ્યું કે ઈર્ષ્યા કરવી તો નારદ અને તુંબરુના જેવી કરવી. ઓલ્યા માં જે સારા ગુણ છે તે મારામાં આવે. આ મંદિર, આ સંતો, આ સભા મંડપ તેનાથી સારા સંસ્કારોનું વાતાવરણ સર્જાય છે.

સભા મંડપમાં વડીલ સંતો બેઠા છે. ભૂજના મહંત સ્વામીને ૮૪ વર્ષ થયા, આ શ્યામ સ્વામીને ૮૫ વર્ષ થયા. બોલો, કલ્પના કરો. **૫૦-૫૦ વર્ષથી સત્સંગની એક ધારી સેવા કરતા આવ્યા છે. એક દાડો કાઢવો હોય તો પણ હેરાન થઈ જવાય !** આ બાજુ ભક્તિ સ્વામી, જગતપ્રકાશ સ્વામી, યુવાન સંતો. ઘણાને એમ થતું હોય કે સંતોને જલસો છે, લાડવા ખાવા મળે. હા, આવો, લાડવા ખાવા મળશે. અમારી સાથે જેટલા માણસ ફરે છે તેઓ કહે છે, તમારી જોડે ખાવાનું નથી મળતું. રોજ પૌંવા. ગામ બદલે પરંતુ પૌઆનો વાટકો એ જ ! છતાં કામ થાય છે. કારણ કે ખપ છે. તમારામાં પણ એ જ ભાવના અને ખપ છે એટલે તો આ મંદિરો થાય છે.

**આ બાબત બહુ સ્પષ્ટ છે જે નરનારાયણદેવના દેશમાં જે મંદિરો થાય છે તે ફક્ત પથ્થર, ચુનો કે સિમેન્ટથી નથી થતા પરંતુ સંતો-હરિભક્તોની ભાવનાથી થાય છે. આ હકીકત છે અને એ ભાવ, પ્રેમ અને લાગણીથી જ ભગવાનની મૂર્તિ સ્માઈલ આપે છે. મૂર્તિ રૂપાળી લાગે છે. દુનિયામાં ભલે સોનાની મૂર્તિઓ થતી હોય પરંતુ મૂર્તિમાં ભાવ નથી આવતો. આપણા મંદિરોમાં પંચમહાલથી માંડી માંડવી બંદરના ખૂણામાં ભગવાનની મૂર્તિઓ સ્માઈલ આપે છે તેનું કારણ તમારી ભાવના છે.** તમારું યોગદાન, પૈસાનું નથી કહેતો પરંતુ સમયનું યોગદાન બહુ મહત્વનું છે. કાલે જ અમેરિકાથી આવેલા એક ભાઈને પૂછ્યું, કેમ આવ્યા છે ? કહે, માત્ર પ્રતિષ્ઠા ઉત્સવનું દર્શન કરવા જ ! વિદેશથી ઘણા ભક્તો આવ્યા છે. દેવ સાથે જોડાયેલા છે. ક્યાંય લગ્નમાં જવાનું હોય તો ૧૦ વાર વિચાર કરીએ, જવું કે ના જવું ? તો ભગવાન અર્થે આટલે દૂરથી આવવું એ અઘરું છે. નોકરી-ધંધામાં રજા રાખીને, બીજી વ્યવસ્થા કરીને, પરિવારનો ત્યાગ કરે ત્યારે અહીં પહોંચાય છે. બહેનો જે કથા સાંભળવા આવે છે તેઓ પણ ઘરનું કામ આટોપવામાં અગાઉ કેટલી મહેનત કરે ત્યારે સભા મંડપમાં સમયસર પહોંચાય છે.

ઘણા ઘણા અમૃત વચનો કહી અંતમાં પ.પૂ. મહારાજશ્રીએ યજમાનો સહિત સર્વેને ખૂબ ખૂબ શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.



# અભ્યાસન કૌન્તેય

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની જ્ઞાનવાર્તાઓમાં શ્રીમદ્ ભાગવત, મહાભારત, શ્રીભગવદ્‌ગીતા એ સર્વે શાસ્ત્રોનાં પ્રસંગો, વાતો કે અવતરણો અચૂક જોવા મળે છે. તો ક્યાંક ક્યાંક શ્રીહરિએ પોતાની મૌલિક વાર્તાઓ પણ કરી છે. વાત કર્યા પછી એ પ્રસંગ કે વાતમાંથી શું સાર શીખવાનો છે એ બતાવે. અને એટલે જ એમની જ્ઞાનવાર્તા કોઈ પંડિતાઈ ભરી ગહનવાર્તાઓ નથી પરંતુ લોકભોગ્ય છે અને તેથી જ સરળતાથી પરંતુ સચોટપણે એમનો ઉપદેશ ભક્તજનોના અંતરમાં વસી જાય છે.

અત્રે જે પ્રસંગ છે તે મહાભારતનો છે અને આપણે સૌ જાણીએ છીએ પરંતુ શ્રીજીમહારાજ જાણે પોતે જ કહેતા હોય અને આપણે સાંભળતા હોઈએ એવી રીતે શ્રી ભાયાત્માનંદ સ્વામી (આત્માનંદ સ્વામી) એ એમનાં ''શ્રીજી મહારાજની લીલાની વાર્તાઓ'' પુસ્તકમાં વર્ણવ્યો છે. તેઓએ સ્વયં શ્રીહરિના મુખેથી સાંભળ્યું છે અને એ જ વાતો કશાય ફેરફાર વગર આલેખી છે. તેથી જ અંતરમાં સોંસરવી ઉતરી જાય એવી વાર્તાઓ છે.

''એક સમે ઘેલેથી નાહીને મહારાજ અને સાધુ આવતા હતા, તે દરવાજે બહાર ઓટો હતો તે ઉપર મહારાજ બેઠા. પછી ત્યાં એક સંતે શ્રીજીમહારાજને પ્રશ્ન કર્યો કે હે મહારાજ ! કોઈને લક્ષ થાય છે, ને કોઈને નથી થાતો તેનું શું કારણ છે ? ત્યારે મહારાજે વાત કરી જે,

''કૌરવ અને પાંડવના છોકરાંઓને દ્રૌણાચાર્ય ધનુર્વિદ્યા ભણાવતા હતા. ત્યાં એકવાર એક ભીલનો છોકરો (એકલવ્ય) આવ્યો. એણે આચાર્યને કહ્યું કે મારે તમારી પાસે ભણવું છે. ત્યારે દ્રૌણાચાર્યજીએ તેમના અંતરમાં જોઈને વિચાર્યું જે આ તો સમર્થ થશે ને કૌરવનો પક્ષ લેશે ને અર્જુનનો પાડ્યો નહીં પડે. તેથી એમ વિચારીને કહ્યું જે - અમે શૂદ્રને નથી ભણાવતાં.''

પણ તે છોકરો નિરાશ ન થયો. અને વનમાં ગયો ને ત્યાં ગારાનાં દ્રૌણાચાર્ય કરીને નિત્ય પૂજે ને પ્રદક્ષિણાઓ ફરે, ને કહ્યું જે - ''હવે મને આજ્ઞા છે ? બાણ નાખું ? એમ નિત્ય અભ્યાસ કરે તે થોડા સમયમાં તો મહાબાણાવળી થયો.

એક સમાને વિષે કૌરવ અને પાંડવનાં છોકરાં ઘોડે ચઢીને શિકારે નીકળ્યાં. તે વળતાં પાછા ભીલને પડખે નીકળ્યાં. ને અંધારું થયું. ત્યાં ભીલે બાણ નાખ્યું, તેના ટંકારથી એક કુતરું ભસવા લાગ્યું. ત્યાં તો એ કૂતરાનાં મોઢામાં બીજા ચાર-પાંચ બાણો એ ભીલે ભરી દીધાં. કશીય ઈજા વગર ! પેલાં રાજકુમારો તો આ જોઈને અચંબામાં પડી ગયા. પછી તો દ્રૌણાચાર્યજીની માટીની મૂર્તિ જોઈ અને જાણ્યું કે આ તો એ જ ભીલકુમાર (એકલ્વય) છે.

કુમારોએ આવીને કહ્યું જે હે આચાર્ય ! એ ભીલ તો મહાશબ્દ વેધી થયો છે.''

દ્રૌણાચાર્ય વિદ્યાર્થીઓને લઈને સવારમાં એ વનમાં આવ્યા ને કહ્યું જે તું કોણ છે ? ''જે મહારાજ ભીલ છું'' ને આ કોણ છે ? ત્યારે કહ્યું જે 'અમારા દ્રૌણાચાર્ય છે'' એટલે દ્રૌણાચાર્ય બોલ્યા, ''મારે સતે તેં ગારાનાં કર્યા ? ત્યારે એ ભીલે કહ્યું 'મહારાજ તમારો છું.''

''અમારા છો તો માગીએ તે આપો. ત્યારે કહ્યું જે હે મહારાજ જે કહો તે આપું.'' દ્રોણે કહ્યું જે તારા જમણા હાથનો અંગૂઠો ઉતારી દે.'' તે ભીલકુમારે કશાય ખચકાટ વગર જમણો અંગૂઠો ઉતારીને ગુરુજીને અર્પણ કરી દીધો!

પછી સર્વે કુમારોએ દ્રોણાચાર્યને પૂછ્યું જે રાતે બાણ નખાય કે ના ? ત્યારે દ્રૌણાચાર્ય કહે જે હા, જરૂર નખાય પણ નિત્ય અભ્યાસ કરવો પડે.''

પછી દ્રોણાચાર્ય રાતે જોવાં ગયા કે બધા અભ્યાસ કરે છે કે નથી કરતા. ત્યારે બીજા સર્વે સૂતા ભાળ્યા ને એક માત્ર અર્જુનના ધનુષનો ટંકાર સાંભળ્યો.

પછી એક સમાને વિષે કૌરવોએ દ્રૌણાચાર્યને કહ્યું જે વિદ્યાનો કાંઈ ચમત્કાર દેખાડો, કે કેવા ભણ્યા છે. ત્યારે દ્રૌણાચાર્ય કહે કાલે દેખાડીશું.

બીજે દિવસે સૌ વિદ્યાર્થીઓને વનમાં તેડી ગયા ને ઝાડ ઉપર કાગળનો હોલો બાંધ્યો. પછી દ્રૌણાચાર્યે કહ્યું જે એકુકો ઘા કરો ને જુઓ હું કહું - તેમ પંખીને ભાળો છો ? ત્યારે કહે હા. ઝાડને ભાળો છો ? ત્યારે કહે હા. આ સર્વે ઉભા તેમને ભાળો છો ? ત્યારે કહે હા. ત્યારે ઘા કરશો માં એવી રીતે સર્વેનું પારખું લીધું તે સૌ એમ બોલ્યા. પછી અર્જુનને કહ્યું જે તું સુરત બાંધ. ત્યારે અર્જુને સુરત બાંધી. પછી કહ્યું જે પંખીને ભાળો છો ? ત્યારે હા પાડી - ને ઝાડને ભાળો છો ? ત્યારે ના પાડી. ત્યાર પછી દ્રૌણાચાર્ય કહે જે એક માથા સામું જુઓ. પછી નિત્ય ચરિત્ર નાથનાં જે સાંભળશે શ્રધ્ધા કરી તે નર કાળની જાળમાં ઈ પડે નહિ પાછો ફરી પતિતને પાવન કરવા, ચરિત્ર છે ભગવાનનાં સાંભળતાં સદ્ય શુધ્ધ થાય, જાય પાપ તે જનનાં (ભક્ચિંતામણી પ્ર.૮૨) માથા સામી સુરત બાંધી. ત્યારે કહ્યું જે પંખીને ભાળો છો ? ત્યારે કહે ના, એકલું માથું ભાળું છું. ત્યારે ત્રીજી તાળીએ માથું પાડ્યું.

પછી મહારાજે એમ કહ્યું જે દ્રોણાચાર્ય સૌને શીખવતા હતા એક સરખું, પણ અર્જુનને આવડ્યું. શા માટે જે અભ્યાસેન કૌન્તેય. અને ભીલે અભ્યાસ કર્યો તે શબ્દવેધી થયો. માટે પુરુષ પ્રયત્નવાળા ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. આમ વાત કરતા હતા ત્યાં પૃથ્વી હાલી. પછી મહારાજ કહે જુઓ પૃથ્વી હાલતાં કેટલીવાર લાગી ? માટે ''લક્ષ થાતાં તો વાર નથી પણ પાત્ર ક્યાં ?''

''માટે હાલતા, ચાલતાં, ખાતાં પીતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય અને એમ જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે. માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો (નિત્ય) અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.'' (ગ.પ્ર. ૨૨)

''શ્રીજી મહારાજની લીલાની વાર્તાઓના સમાપનમાં સ્વામીશ્રી શ્રીહરિના પરચાઓ બાબતે મહારાજ પોતે શું કહે છે તે લખે છે.

''બીજું પરચાની વાત તો અમે નથી લખી, તે શા સારું જે **મહારાજે વાત કરી હતી.**

જે કોણ પરચામાં સમજે છે ? જુઓને પાણીના બુંદમાંથી આવો મનુષ્યદેહ સર્વ અવયવે યુક્ત થાય છે ! આકાશમાંથી વાદળાં ક્યાંથી થયાં ? ગાજવીજ, પાણી, તારા આદિક ક્યાંથી થયાં ? ક્યાં સમાય છે ?' માટે સમજે તેને તો એ પરચો જ છે તો, અને જે બુદ્ધિહીણ છે તેને તો અઢાર ભાર વનસ્પતિ લીલી કરી, તે નજરમાં નથી આવી. અને અમે હળાહળ કળિયુગમાં સતજુગ કર્યો એ પરચો ન સમજાય ત્યારે બીજો સો પરચો સમજે ? માટે મુરખને તો ભક્તનો કેરડો લીંબડો પાલવો નજરમાં આવે અને મહારાજના દર્શન કરીને અનંતના પ્રાણ લીન થઈ જાતા તે જોઈને કોઈ જાતા. તે જોઈને કોઈ સત્સંગી નથી થયા.

માટે ધર્મ, જ્ઞાન ભક્તિ ને ભગવાનનો આશરો રાખવો.''

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**


www.swaminarayan.in


www.swaminarayan.info

**ભારતીય સમય મુજબ આરતી દર્શન** : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**





આ સંપ્રદાયમાં શ્રીજી મહારાજે પ્રત્યક્ષપણું અખંડ રાખવા માટે ત્રણ ગૂઢ સંકલ્પો કર્યા અને તે મુજબ ભગવત્ સ્વરૂપોની પ્રતિષ્ઠા કરી, નિરામય અને નિર્મળ ધર્મવંશી આચાર્યપદની રચના કરી અને શિક્ષાપત્રી આદિક સદ્‌ગ્રંથોની પોતે સ્વહસ્તે રચના કરી. અને આ ત્રણેય સ્વરૂપે પોતે સત્સંગમાં પ્રત્યક્ષપણે વિચરી રહ્યા છે.

શ્રીજીના અપર સ્વરૂપ એવા આચાર્ય મહારાજશ્રી આ સત્સંગનો ધબકાર છે, સ્વયં શ્રીજી મહારાજ તેમને અહીં આ પૃથ્વી ઊપર અક્ષરધામમાંથી મોકલે છે અને તે શુભ ઘડીએ આ ભૂમંડળમાં આનંદોત્સવ છવાઈ જાય તે સ્વાભાવિક છે.

તે જમાનામાં સંદેશા વ્યવહારના સાધનો ન હતાં, મુસાફરી મુશ્કેલ અને કષ્ટદાયક હતી તેથી સમાચાર પહોંચાડવામાં સ્વાભાવિક રીતે જ વિલંબ થતો.

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના બીજા આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીને ત્યાં લાલજીશ્રી (આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી) નો જન્મ થયો ત્યારે ત્યાગી-ગૃહી સૌ કોઈ આ સમાચારથી પુલકિત થઈ ઊઠ્યા અને સંપ્રદાયના ખૂણે ખૂણે આ સમાચાર પહોંચ્યા.

આચાર્યશ્રીનો જન્મોત્સવ ઉજવવાની રીત આજની નથી તે પરંપરા છે. આજની જેમ આવા પ્રસંગે માત્ર બર્થડે કેક કપાતી નહિ પણ, સર્વે દેવ, સંત-હરિભક્તોની રસોઈઓ થતી. સંત હરિભક્તો બાળ લાલજીશ્રીના દિર્ઘાયુ અને નિરોગી સ્વાસ્થ્ય માટે શ્રીજી મહારાજનું વિશેષ ભજન કરતાં. આ સમજણ આપણી પરંપરા છે.

લાલજી મહારાજશ્રી (આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી)ના પ્રાદુર્ભાવના ખબર હિંદુસ્થાન એટલે કે ઉત્તર પ્રદેશથી અમદાવાદ આવ્યા અને અમદાવાદથી મૂળી પહોંચાડ્યા તેની પ્રતિતી આ પત્ર ઉપરથી થાય છે.

એ નોંધનીય છે કે આવા શુભ પ્રસંગે પણ આચાર્ય મહારાજશ્રી ધર્મપ્રચારાર્થે પોતે ધોળકા પધારેલા છે. ધર્મવંશી આચાર્યોએ તો આ સંપ્રદાયને જ પોતાનું કુટુંબ ગણ્યું છે અને તેઓશ્રીની આ અડગ કર્તવ્યભાવના જ, સત્સંગ પરત્વેની તેઓની આત્મબુધ્ધિની સૂચક છે.

સંત હરિભક્તોના દર્શનાર્થે આ પત્ર મ્યુઝિયમમાં રાખવામાં આવ્યો છે. આશરે ૧૪૭ વર્ષ પૂર્વેના આ પત્રના તેના મૂળ સ્વરૂપમાં જ આપણને દર્શન થાય છે તે જ આપણું અહોભાગ્ય છે.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ડિસેમ્બર-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૧,૧૧,૧૧૧/- | મહેન્દ્રભાઈ રાવજીભાઈ પટેલ, હ. બકુલાબેન - ઉવારસદ |
| રૂા. ૨૫,૦૦૦/- | ઘનશ્યામભાઈ પરીખ, હ. કુસુમ તથા અનુષ્કાંત દેવેન્દ્રભાઈ પરીખ - અમદાવાદ |
| રૂા. ૧૪,૧૮૫/- | ડૉ. લાલજી હાલાઈ - કેનેડા |
| રૂા. ૧૨,૦૦૦/- | જગદીશભાઈ કાળીદાસ દરજી - સાદરવાળા - બોપલ |
| રૂા. ૧૧,૫૦૦/- | અનિલભાઈ નારાયણજીભાઈ જોષી - અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | શારદાબેન વિશાભાઈ પટેલ, હ. ઘનશ્યામ તથા મહેશભાઈ - ડાંગરવા |
| રૂા. ૧૧,૦૦૦/- | અ.નિ. જટાગૌરી જગમોહનદાસ પારેખ, હ. શૈલેષ તથા ઉમંગ પારેખ - મુંબઈ |
| રૂા. ૫,૫૫૫/- | ગોહિલ મીનાબહેન મધુભા - ભરૂચ |
| રૂા. ૫,૦૦૧/- | નર્મદાબેન વજુભાઈ બુટીયા - કાલીયાણાવાળા નારણપુરા |
| રૂા. ૫,૦૦૦/- | કૌશલ નીતિનકુમાર શાહ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | કરશનભાઈ જી. કાઠીયા - સાયન્સસીટી અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | નધિ તથા ઉર્જિત ત્રિવેદી રાજીપા નિમિત્તે - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | મુકેશભાઈ રમણભાઈ પટેલ - સાબરમતી |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ડિસેમ્બર-૧૭

| | |
|---|---|
| તા. ૦૩-૧૨-૧૭ | અમિતભાઈ ધીયા - હૈદ્રાબાદ |
| તા. ૦૫-૧૨-૧૭ | અ.નિ. ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ પટેલ, હ. હેમેન્દ્રભાઈ તથા ભાવેશભાઈ - કુબડથલ |
| તા. ૧૦-૧૨-૧૭ | જીગ્નેશભાઈ ભાઈલાલભાઈ ઠક્કર - કાંકરિયા |
| તા. ૧૨-૧૨-૧૭ | રાજબહાદુર રમણલાલ ભાવસાર - નવાવાડજ |
| તા. ૧૩-૧૨-૧૭ | જયમિન નંદલાલભાઈ પંચાલ, હ. લતાબેન નંદલાલભાઈ - નવા વાડજ - હાલ કેનેડા |
| તા. ૧૭-૧૨-૧૭ | હિંમત કલ્યાણ હાલાઈ - લંડન |
| તા. ૧૮-૧૨-૧૭ | મનોજ કેસરા વાલજી જેસાણી - બળદિયા |
| તા. ૨૩-૧૨-૧૭ | (સવારે) અનિલભાઈ મનજીભાઈ પટેલ - ભરૂચ |
| | (બપોરે) માલવિકા જયંતિલાલ હાલાઈ તથા મીનાબેન હાલાઈ - મેઘપર |
| તા. ૨૪-૧૨-૧૭ | અ.નિ. દુષ્યંતભાઈ વાડીલાલ ઠક્કર, ૧૦ મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે - અમદાવાદ |
| તા. ૩૦-૧૨-૧૭ | નિલ તથા હરિ તથા સહજ - ઓસ્ટ્રેલીયા, હ. પ્રાણજીવનભાઈ પટેલ - દેવપુરાવાળા |
| તા. ૩૧-૧૨-૧૭ | અ.નિ. કંચનબેન કિશનલાલ કાછીયા પરિવાર - લુણાવાડા. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સો વાતની એક વાત

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વ્હાલા મિત્રો ! આવો, આવો બેસો. આજે તો આપણે સ્વામિનારાયણ ભગવાને ઉત્તર ગુજરાતના સાદરા ગામે આપેલા અદ્‌ભુત ઉપદેશનો આસ્વાદ લઈએ.

વાત એમ છે જે, ભગવાન સાદરા પધાર્યા હતા. સાદરામાં કોઈ ભાવિક ભક્તે શ્રીજીમહારાજને કહ્યું, પ્રભુ! મારે ઘેર રોકાઓ. ભક્તનું ઘર નાનું ભાળ્યું એટલે ભગવાને કહ્યું, તમારે ઘેર અમે રાત્રિ રોકાઈશું તો તમને બહુ તકલીફ પડશે, કષ્ટ પડશે. ચોરામાં અમારે કોઈ બીક નથી. અમને ચોરામાં રાત્રિ રોકાણ અનુકુળ આવશે. ત્યાં સૂઈ જઈશું. ભગવાન થાળ જમીને સાદરા ગામના ચોરામાં ઉંચા ઓટલા ઉપર બિરાજ્યા. આ ભાવિક ભક્ત ઘેરથી ગોદડી વગેરે લાવ્યા. પરંતુ શ્રીજીમહારાજની તૈયારી હતી એમને એમ જ ઓટલા ઉપર પોઢી જવાની.

કોઈપણ કાર્ય કરવું હોય ત્યારે તેની પાછળ ઘણું બધું તપ તપવું પડે છે. ત્યારે એ કામ થાય. એમને એમ ન થાય. આજે આપણી સ્થિતિ જોઈએ તો આપણે સારી સાનુકુળ જગ્યામાં બેસીને પરમાત્માનાં ચરિત્રો સાંભળીએ છીએ કે સંકીર્તન કરીએ છીએ પણ આ જગ્યાઓ ઉભી થતાં પહેલાં ઈષ્ટદેવે કેટલું તપ કર્યું છે. એ આપણા ઉપદેશ માટે છે. ભગવાને જોયું કે ભક્તનું ઘર નાનું છે. અમે વધારે છીએ, ચાર પાર્ષદો છે તો આ બધાની સાથે ઘરમાં સૂવું પડશે એ શક્ય નહોતું એટલે ભગવાન ચોરે જઈને પોઢ્યા.

ત્યાં આજુબાજુમાં બધાને ખબર પડી કે ગામને ચોરે કંઈક છે. છોકરાં કહેવા માંડ્યા કોઈક આવ્યાં છે, જોડે ચાર ઘોડે સ્વાર છે તો કેટલાક માણસો ગભરાવા માંડ્યા, ન જાણે કોણ હશે ! ઘોડેસ્વારો કોઈ લૂંટવા આવ્યા હશે, ક્યાંય ઝઘડો થવાનો હશે ! ત્યાં તો કોઈ વાત લઈ આવ્યું કે આ તો સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે. અને તર્ત જ ચોરા ઉપર મોટી સભા થઈ ગઈ. શ્રીજીમહારાજ ઉંચા ઓટલા ઉપર બિરાજેલા. નીચે બધા માણસો બેસી ગયા.

પ્રભુએ એ વખતે સાદરાના બધા નિવાસીઓને ઉપદેશ આપ્યો. તમે બધા ધાર્મિક છો. મુમુક્ષુ છો. ઈશ્વરે આ મનુષ્ય અવતાર આપ્યો છે એનો વિચાર કર્યો છે ? હે ભક્તો ! મનુષ્ય અને પશુમાં તફાવત શું ? માણસો પેટ ભરે છે તો પશુઓ પણ પેટ ભરે છે. મનુષ્યો પોતાના કુટુંબનો નિર્વાહ કરે છે તો પશુઓ પણ પોતાનાં બચ્ચાંનો નિર્વાહ કરે છે. માણસો ઉંઘે છે, પશુઓ પણ ઉંઘે છે. માણસમાં ભય છે પશુમાંય ભય છે, માણસમાં પરસ્પર પ્રીત દેખાય છે તો પશુમાંય દેખાય છે. તો પછી માણસ અને પશુમાં તફાવત શું ? પશું ભગવાનનું ભજન કરી શકતાં નથી. સત્કર્મ કરી શકતાં નથી, જ્યારે માણસ ધારે તો એ ધર્મનું પાલન કરી ભગવાનની ભક્તિ કરી શકે, એજ બાબતથી માણસ પશુ કરતાં જુદો પડે છે. ભક્તિ ન હોય તો એવા માણસ અને પશુઓમાં કોઈ ભેદ રહેતો નથી. ભગવાને આ રીતે ગામના માણસો આગળ વાત કરી.

સ્વામિનારાયણ ભગવાન પાસેથી ઉપદેશ શ્રવણ કરીને ઉભા થયેલા સાદરાના એ નિવાસીઓ પરસ્પર બોલવા માંડ્યા. આ સ્વામિનારાયણ ભગવાન કહેતાં હતા એ વાત તો સાવ સાચી લાગે છે. જુઓ આપણે ખાલી પેટ જ ભરીએ અને કમાઈએ અને કુટુંબનું પોષણ કરીએ તો આપણામાં માનવ બુદ્ધિ તરીકેની વિશેષતા કઈ ? ત્યાં ગામના એક ભૂદેવ ગોર મહારાજ બોલ્યા કે, જે સ્વામિનારાયણ ભગવાન કહે છે એવી એક વાત મને

પણ આવડે છે.

ખર ઘડતાં નર ઘડ્યો,
ભૂલ્યો શિંગ ને પૂંછ,
તુલસી હરિકી ભક્તિ બિના,
ધિક દાઢી ધિક મૂછ.

જુઓ મને પણ આવડે છે ને ? હા, ભૂદેવ ! તમે સાચા છો. તુલસીદાસજી કહે છે, તેમ ભગવાને મટિરીયલ લીધું તે ઈશ્વરની ઈચ્છા હતી કે આને એક મોટામાં મોટો લંબકર્ણ બનાવવો પણ ભગવાન કંઈક ઉતાવળા હશે કે ભૂલમાં ચાર પગના બદલે બે પગ બનાવી નાંખ્યા. ભૂલ થઈ ગઈ અને પૂંછડું લગાવવાને બદલે મુંછ લગાવી દીધી. ઈશ્વર ઉતાવળા હતા અને ભૂલમાં પશુના બદલે માણસ બનાવી નાંખ્યો. પણ તુલસીદાસજી કહે છે કે એ કોના માટે? ''તુલસી હરિ કી ભક્તિ બિના ધિક ઘટી ધિક મુચ્છ'' જેના જીવનમાં ભક્તિ-સત્સંગ વગેરે ન હોય તો તેની દાઢી અને મૂછને ધિક્કાર છે,

સાદરામાં જે મુમુક્ષુઓ હતા એમને આ ઉપદેશ સાંભળીને ગુણ આવ્યો કે આપણાં ભાગ્ય ખુલી ગયાં કે આપણને આપણા ગામમાં સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં, એમની વાણી ઉપદેશ સાંભળવા મળ્યા.

મિત્રો ! ઉપદેશ સાંભળ્યોને ! કેવી સુંદર વાત છે. માટે જ સંતોએ કહ્યું છે કે -

''મળ્યો મનુષ્યનો દેહ ચિંતામણી રે....''

આ અમૂલ્ય માનવદેહથી ભક્તિ-સત્સંગ કરવાનું ભૂલાય નહી એ ધ્યાન રાખવાનું. સો વાતની એક વાત, ભગવાન ભજી લેવા.

●

## ઈર્ષાળુને ડબલ પીડા

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ભગવાને ઘણી કૃપા કરીને માનવદેહ આપ્યો છે. આ ધરતી પર ઘણી બધી જીવસૃષ્ટિ છે પણ વિચારશક્તિ, વાચા, હાસ્ય આવી અમૂલ્ય ભેટ ફક્ત માનવદેહને આપેલી છે. જો તેનો વ્યવસ્થિત પરોપકાર, ભજન-ભક્તિ માટે ઉપયોગ કરે તો કામ થઈ જાય. પણ મોટી મુસીબત એ છે કે માણસ ઈર્ષ્યા અને અદેખાઈના લીધે પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. પરિણામે પોતે કરેલી ભૂલોનું ફળ ભોગવવું પડે છે.

આ નાની પણ ઘણી જરૂરી વાત આપણને આવી ભૂલથી બચવામાં મદદરૂપ બનશે. એક મોટું ગામ હતું. અને ગામ હોય ત્યાં બધા પ્રકારના માણસો પણ હોય. કોઈ વેપાર કરતા હોય તો કોઈ ભણાવતા હોય, કોઈ કપડાં સીવતા હોય, કોઈ મજૂરી કરે તો કોઈ નોકરી કરતું હોય.... વગેરે..... વગેરે. ઘણા પ્રકારના વ્યવસાય સાથે જોડાયેલા અલગ અલગ માણસોની વસ્તી ધરાવતું આ ગામ હતું. આ ગામમાં એક કઠિયારો રહેતો હતો. તે દૂરદૂરના જંગલોમાંથી લાકડાં કાપી લાવી તે વેચીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. કઠિયારો ભગવાને બક્ષેલી જીંદગીને આ રીતે રાજીખુશીથી મહેનત સાથે પસાર કરી રહ્યો હતો.

આ કઠિયારાને અચાનક કપાળમાં લોહીની ગાંઠ (રસોળી) થઈ આવી. ગામના વૈદ્ય, ડૉક્ટર વગેરેને બતાવી જોયું, દવાઓ પણ કરી પણ આ ગાંઠ મટે નહિ. એક દિવસની વાત છે. આ કઠિયારો લાકડાં વીણતો વીણતો જંગલમાં બહુ દૂર દૂર નીકળી ગયો. સાંજ પડી ગઈ તેથી કઠિયારાએ વિચાર કર્યો કે હવે ઘર તરફ પાછા જંગલમાંથી જવું તે જોખમી ગણાય. લૂંટારા મળે કે જંગલી પ્રાણીઓ સામા મળે તો જીવનું જોખમ. તે જંગલમાં નદી કાંઠે એક નાની ગુફામાં બેસી રહ્યો.

અડધી રાતતો આમને આમ પસાર પણ થઈ ગઈ. ત્યાં તો ગુફાની બહારની બાજુ વાજીંત્રોના અવાજ સંભળાવા લાગ્યા. તેને આશ્ચર્ય થયું. અત્યારે અહીં વાજીંત્ર કોણ વગાડતું હશે ! કુતુહલવશ બહાર આવીને જોયું તો આશ્ચર્યમ્..... નદી કાંઠે બેસી દેવો મીઠાઈ જમતા હતા. જમી રહ્યા પછી તેઓ નૃત્ય કરવા લાગ્યા. થોડીવાર તો કઠિયારાએ બેઠા બેઠા જોયું. પણ પછી તેનાથી રહેવાયું નહી. આવું સુંદર સંગીત વાગતું હોય ને દેવો નૃત્ય કરતા હોય ત્યારે કોણ બેસી રહી શકે ! હાથમાં

નો કુહાડો ખભા ઉપર લઈને તે પણ દેવોની વચ્ચે જઈને નાચવા લાગ્યો.

કઠિયારો જે રીતે કુહાડો હાથમાં લઈ નાચતો હતો તે દેવોને ખૂબ ગમી ગયું. કઠિયારા ઉપર રાજી થઈ તેને પણ મીઠાઈઓ જમાડી. આ બધામાં આખી રાત પસાર થઈ ગઈ ને સવાર થવા આવી. કઠિયારાના નૃત્યથી રાજી થયેલા દેવો આ કઠિયારાને કહેવા લાગ્યા કે તારૂ આ નૃત્ય અમને ખૂબ ગમ્યું છે, કાલે પણ તું અહીં આવજે. ખાત્રી માટે તારી કોઈ વસ્તુ અમને આપ. જો તું કાલે આવીશ તો તે તને પાછી આપીશું ને નહીં આવે તો પાછી મળશે નહીં. આ કઠિયારો બિચારો..... શું હોય તેની પાસે ! ત્યાં તો દેવોએ તેના માથાની પેલી ગાંઠ જોઈ. દેવોને તે કોઈ અમૂલ્ય વસ્તુ લાગી. ચમત્કારી હાથથી દેવોએ તે ગાંઠ ખેંચી લીધી.

રસોળી દૂર થઈ જવાથી તેનું કપાળ અને ચહેરો પણ ખૂબજ સુંદર દેખાવા લાગ્યા. તે તો સવારે ઘરે પાછો આવ્યો. તેને જોઈને તેના કુટુંબીઓ ખુશ થયા. આ કઠિયારાનો પાડોશી એક માણસ થોડો વિચિત્ર હતો. તેનામાં ઘણી અદેખાઈ હતી. જોગાનુંજોગ તેના માથામાં પણ રસોળી હતી. હવે તેણે જોયું કે આ કઠિયારાના માથામાંથી રસોળી જતી રહીને હું તો હજુ આવો ખરાબ દેખાઉં છું. આવું તો કેમ ચાલે ! તે તો કઠિયારા પાસે આવીને વાતો કરવા લાગ્યો. વાતો વાતોમાં આ ભોળા કઠિયારા પાસેથી આગલી રાતની સઘળી વાત જાણી લીધી. કઠિયારો તો પોતાના કામમાં વ્યસ્ત થઈ ગયો. પણ પેલો અદેખો પાડોશી પેલા સ્થાને બેસીને ગુફામાં રાહ જોવા લાગ્યો. અડધી રાત્રે દેવો આવ્યા ખરા પણ આજે કોઈ ઉજાણી હતી નહીં, કોઈ નૃત્યનો કાર્યક્રમ પણ હતો નહીં. પણ પેલા કુહાડાવાળા માણસને જોઈ દેવતાઓ બોલ્યા, આ માણસ કેવો પ્રામાણિક છે, કહ્યા પ્રમાણે તે આવી ગયો માટે આપણે તેની વસ્તુ તેને પાછી આપી દઈએ.

આમ વિચારી તેમણે આ માણસના કપાળમાં પેલી રસોળી ચોટાડી દીધી. પહેલાંથી એક રસોળી તો હતી જ, પણ આ વળી બીજી રસોળી પણ આવી પડી. માથામાં રહેલી બબ્બે રસોળીથી તે અત્યંત કદરૂપો દેખાવા લાગ્યો. પોતે કરેલા કાર્ય પર તેના પસ્તાવાનો કોઈ પાર ન રહ્યો. તે ખૂબ દુઃખી દુઃખી થઈ ગયો.

મિત્રો ! જોયું ને ઈર્ષ્યા, અદેખાઈ સુખી જીવનને કેવી રીતે દુઃખી કરી નાંખે છે. જેને કોઈ ઈર્ષ્યા કે અદેખાઈ નહોતી તેવા કઠિયારાને અનાયાસે ગાંઠથી મુક્તિ મળી. અને આ અદેખાઈ વાળાને ગાંઠ મળી. માટે આપણે એ વાત યાદ રાખવી કે જે માણસ બીજાની ઈર્ષ્યા કે અદેખાઈ કરે તે બેવડા દુઃખમાં પડે છે.

એટલા માટે જ સ્વામિનારાયણ ભગવાને આપણને ઉપદેશ આપ્યો છે કે પરસ્પર ઈર્ષ્યા ન કરવી. જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો સર્વ પ્રકારે ત્યાગ કરવો.

## નવા પ્રકાશનો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી શાસ્ત્રી હરિકેશવદાસજીની કલમે લખાયેલા નવા બે પુસ્તકો ''હરિબલગીતા કથા વિવેચન'' (નિષ્કુળાનંદ સ્વામી રચિત પદ્યનું દ્રષ્ટાંત સાથે ગદ્યમાં નિરૂપણ) અને ''નારાયણ ગીતા'' (સત્સંગિજીવનમાં શ્રીહરિએ સ્વમુખે વર્ણવેલ સત્સંગીઓની દિનચર્યા)નું પ્રકાશન થયેલ છે.

સેકટર-૨૩, આપણા મંદિરમાં ઉજવાયેલા અમૃતવર્ષા મહોત્સવ પ્રસંગે તા. ૨૫-૧૨-૨૦૧૭ ને સોમવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે આ પુસ્તકોનું વિમોચન થયું હતું.

આ બંને પુસ્તકો આ સ્થળેથી પ્રાપ્ત થશે.

૧. સાહિત્યકેન્દ્ર : શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ-૧

૨. સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩, ગાંધીનગર

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "આ જગત જેણે બનાવ્યું છે તેને જીવનદોરી સોંપી તો જુઓ !"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

સુખ અને આનંદ દરેક વ્યક્તિને જોઈએ છે, તે બે જગ્યાએ છે. જગતમાં પણ છે અને ભગવાન પાસે પણ છે. પરંતુ બન્નેમાં ફેર છે. તો **કેવો ફેર છે ?** તો **'પ્રકાશ'** અને **'અંધકાર'** જેટલો ફેર છે. ભગવાન પાસે જે સુખ અને આનંદ છે તે પ્રકાશ સ્વરૂપ છે અને જગત પાસે છે તે **'અંધકાર'** સમાન છે. બંગલા, ગાડી, નોકર, ચાકર, સોનું, ઝવેરાત દરેક બાબતે ફુલ સગવડ એ જગતનું સુખ છે. તે પોલિશ કરેલા સોનાના દાગીના જેવું છે. **બે પ્રકારના દાગીના હોય છે ને ?** પોલિશ કરેલા સોનાના દાગીના અને સાચા સોનાના દાગીના. તો જેમ પોલિશ કરેલા દાગીનાનું પોલિશ ઉતરી જાય છે ત્યારે બહાર દેખાઈ આવે છે. તેમ જગતનું સુખ જતું રહે છે ત્યારે ખ્યાલ આવી જાય છે. **'દુ:ખ'** આપીને જાય છે. અને ખબર પણ પડી જાય છે કે આ સુખ ખોટું હતું. ભગવાનનું સુખ છે તે સાચા સોના જેવું છે. **'શાશ્વત'** છે. તો જગતના સુખનો જે ભ્રમ છે તે આપણે દૂર કરવાનો છે. મહાભારતના યુધ્ધમાં જેમ અર્જુન અને દુર્યોધન ભગવાન પાસે મદદ લેવા માટે ગયા તો ભગવાને કીધું કે એક તરફ મારી અઢાર અક્ષોહિણી સેના અને એક પક્ષે હું એકલો હથિયાર વગર રહીશ. તો અઢાર અક્ષૌહિણી સેના એટલે અઢાર લાખનું સૈન્ય. જેમાં હાથી, ઘોડા, સૈનિકો બધું આવી જાય. તો ભગવાન વહેંચણી કરી શકતા હતા કે ૯ લાખ અર્જુનને અને ૯ લાખ દુર્યોધનને. પરંતુ ભગવાને એવું ન કીધું. તો દુર્યોધન તરત બોલ્યા કે હું સેના લઈશ. (અર્થાત્ જગતનું સુખ માગ્યું.) અને અર્જુનને ખબર હતી કે પરમાત્મા મારી સાથે છે અને પરમાત્મા જ્યાં હોય છે ત્યાં **'વિજય'** નિશ્ચિત હોય છે. (અર્થાત્ ભગવાનનું સુખ માગ્યું.) આપણને સાંભળવામાં એવું લાગે કે અર્જુને ભગવાનને રથના 'સારથિ' બનાવ્યાં પણ સારથિનો અર્થ એવો નથી **સારથિનો અર્થ છે બધું સોંપી દેવું અને ભગવાન જે દિશામાં લઈ જાય તે દિશામાં જવાનું. ભગવાને જે દિશામાં રથ ચલાવ્યો જે દિશામાં લઈ ગયા અને જે રીતે જ્ઞાન આપ્યું તેમ ભગવાનના કહ્યા પ્રમાણે અર્જુને યુધ્ધ કર્યું માટે વિજયી થયા !** આપણે પણ ભગવાનને જીવનદોરી સોંપી દેવાની છે. ભગવાનના હાથમાં આપણી જીવન દોરી હશે તો આપણે ક્યારેય પણ કુમાર્ગે નહિ જઈએ. **તો જગત જેણે બનાવ્યું છે તેને જીવનદોરી સોંપી તો જુઓ !** માછીમાર જ્યારે સમુદ્રમાં કે સરોવરમાં જાળ નાખે છે ત્યારે જે માછલી માછીમારના પગ પાસે હોય છે તે બચી જાય છે. તો આપણે માત્ર ભગવાનની શરણાગતિ રાખવાની અને અર્જુનની માફક સખા ભક્તિ રાખવાની. ભગવાન સાથે સખા ભક્તિ રાખીશું તો આપણું મન કેટલું હળવું થઈ જાય છે. **ભગવાનથી બીવાનું નહિ, ભગવાન પાસે બધું જ વ્યક્ત કરી દેવાનું. કેમ કે ? ભગવાન બધું જ જાણે છે. અને જ્યાં બીક હોય છે ત્યાં પ્રેમ હોતો જ નથી. ભગવાન સિવાય ક્યાંય સાચો પ્રેમ છે જ નહિ. આખા બ્રહ્માંડમાં 'જેમ જેમ સ્વાર્થ પુરો થાય તેમ તેમ દરેક જગ્યાએથી પ્રેમ પણ પુરો થઈ જાય છે.' પરમાત્માની કૃપા તો સતત વરસી જ રહી છે પણ આપણે તેને લઈ નથી શકતા. તો વાંક કોનો ?** દા.ત. બહાર પ્રકાશ છે જ પરંતુ આપણે અંદર જઈને બારી-બારણા બંધ કરીને પડદા બંધ કરીને બેસી જઈએ તો વાંક તો આપણો જ છે. આપણે જાતે જ એક **'આવરણ'** નાખી દઈએ છીએ. તો **આવરણ શેના લીધે આવે છે ?** તો અજ્ઞાનને લીધે આવે છે. તો અજ્ઞાનરૂપી આવરણને લીધે દોષો આવી જાય છે. તો જે આપણામાં દોષો આવી જાય છે તેની લીધે આપણને ખબર હોય છે છતાં ભ્રમ ઉભો થાય છે. તો ભ્રમ એટલે જે વસ્તુ જેવી છે તેનાથી વિપરીત સમજવું તે. અને **સૌથી મોટો ભ્રમ છે તે આપણે આપણા શરીરને હું આ શરીર છું એ જે માની લઈએ છીએ એ જે માન્યતા છે તે છે. અને બીજો દોષ છે તે છે 'પ્રમાદ'**. તો પ્રમાદ એટલે **'મનની અસાવધાની'** ઘણી વખત આપણને ખબર હોય છે છતાં પણ અસાવધાની થઈ જાય છે તેને 'પ્રમાદ' કહેવામાં આવે છે. અને પોતાની અંદર રહેલા દોષને છુપાવવાનો અહંકાર જે છે કે હું કરું છું તે સાચું જ છે. એવો બુદ્ધિનો

અહંકાર છે. અને કોઈ રોકે તો પણ કેવી રીતે સ્વીકારાય છે. તો પોતાના દોષને છુપાવવા માટે બહાના તૈયાર રાખે છે. અને દરેક બાબતમાં આપણે અનુભવી ન હોવા છતાં પણ પોતાને અનુભવી સમજીએ છીએ. **'સંપૂર્ણ પૂર્ણતા કોઈનામાં છે જ નહિ.'** બધા વિષયની જાણકારી આપણને હોય એવી શક્યતા છે જ નહિ. ડૉકટર હોય તેને વકીલનું જ્ઞાન ન હોય છતાં પણ દરેક કાર્યમાં ૮૦% લોકો સલાહ આપવા લાગી જાય છે. બહુ ઓછા લોકો હોય છે જે સ્પષ્ટ કહી દે છે કે મને આ વાતનું જ્ઞાન નથી. **કેમ કે ?** બધા માયાને આધીન છે. કોઈમાં વધારે આવરણ હોય છે કોઈમાં ઓછું આવરણ હોય છે. **'એક ભગવાન સર્વજ્ઞ છે. જે બધું જાણે છે.'** ધુતરાષ્ટ્રે ભગવાનને પૂછ્યું કે મારા ૧૦૦ દીકરા મૃત્યુ પામ્યા અને હું આંખે આંધળો થયો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કીધું કે **"તમારા બધા જન્મો મને યાદ છે. આટલા બધા જન્મોમાં તમે શું કર્યું છે તે પણ મને યાદ છે.** તો આપણા અગાઉ કરેલા **દુરાચાર, અધર્મ, અનીતિ** બધા કાર્યો જમા થાય છે. તેને **'સંચિત'** કર્મ કહેવાય છે. એ પ્રમાણે આપણે ફળ ભોગવવા પડે છે. પરંતુ આપણને એવા **'દયાળુ' ભગવાન** મળ્યા છે કે આપણા સંચિત કર્મો માફ કરી દેવામાં આવે છે. આપણે આ જગતમાં જોઈએ છીએ કે કોઈ પણ માણસથી ભૂલ થઈ જાય અને ધારો કે, કોઈનું ખૂન કરી નાખ્યુ તો છેલ્લે **'જજ'** (ન્યાયાધીશ) તે માણસને ફાંસીની સજા કરે છે. તે ગુનાની સજા બદલી શકાતી નથી તે વ્યક્તિએ તે સજા ભોગવવી પડે છે. તો ભગવાન જે આ જગતને ચલાવે છે તે કેટલા દયાળુ છે કે આપણા સંચિત કર્મોને બદલી નાખે છે માફ કરી દે છે. **'તો આપણને શું મળ્યું છે તેની કિંમત સમજવાની છે.' અને ધ્યાન રાખવાનું છે કે જાણી જોઈને કરેલા ખરાબ કર્મો તે બદલી શકાતા નથી. માટે કોઈ પણ કાર્ય જાણી જોઈને ખરાબ નહિ કરવાનું.**

●

### સાચી કમાણી પ્રભુની ભક્તિ છે

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

ગામ દિવબંદરના એક વણિક ભક્ત હતા. સ્થિતિ બહુ ગરીબ હતી. તેને થયું કે પરદેશ જાઉં તો કાંઈક બે પૈસા વધુ મળે. સંતોને મળવા ગયા. પગે લાગીને બેઠા. સંતોએ કહ્યું, ભક્તરાજ વૃધ્ધાવસ્થા સુખેથી વિતે એ માટે પરદેશ કમાવા જાઓ છો. બહુ સારી વાત છે. એ પણ કરવું જોઈએ. પણ સાથોસાથ મૃત્યુ પછી પણ સાથે ચાલે એવી કમાણી પણ જરૂર કરજો.

લ્યો.... આ માળા.... દરરોજ પાંચ માળા સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કહીને ફેરવજો. પ્રભુ ભજનથી સર્વ દુઃખની નિવૃત્તિ થશે. સર્વ ક્રિયામાં પ્રભુને યાદ કરજો. કદાચ વિપત્તિ ઉભી થાય, દુઃખ આવે, ત્યારે ભગવાનમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખજો, પ્રમાણિકતાથી ધંધો કરજો. ન્યાય નીતિથી ધન મેળવજો. બધા હળીમળીને ચાલજો. આશીર્વાદ આપીએ છીએ. સદાય સુખીયા રહો.

કુટુંબને લઈને વણિક ભક્ત પરદેશ ગયા, સરસ મઝાનું કામ મળી ગયું. શેઠનું મન જીતી લીધું, દોડી દોડીને ખંતથી કામ કરે, તેથી શેઠ સારી બક્ષિસ પણ આપે. સંતના આશીર્વાદ હોય પછી શું બાકી રહે... જેમ ધન અને સુખ વધ્યું, તેમ ભજન-ભક્તિ પણ વધ્યું. પહેલાં પાંચ માળા ફેરવતા, હવે દરરોજ પચાસ માળા ભગવાનને હૈયામાં ધારીને ફેરવે છે.

થોડા વર્ષ પછી સારી રીતે કમાઈને પુત્ર પરિવાર અને ધન સંપત્તિ સહિત વહાણમાં બેસીને પોતાના દેશ તરફ આવે છે. બે દિવસ વહાણ બરાબર ચાલ્યું. ત્રીજા દિવસે જોરદાર વાવાઝોડું ઉપડ્યું. મંડ્યું વહાણ ઘુમરી ખાવા. ખલાસીએ કહ્યું, "વહાણ અમારા કાબૂમાં નથી. વહાણ બૂડ્યું તે સાથે સ્ત્રી છોકરાં ને ધન સંપત્તિ વગેરે તમામ વસ્તુ ડૂબી ગયું. વણિકને એક લાકડાનું પાટિયું મળી ગયું. તણાતો તણાતો જાય છે. ત્યાં એક વહાણ આવ્યું. તેના ખારવાએ હાથ ઝાલી વહાણમાં બેસાડી દીધો. વણિક બચી ગયો. પોતાના ઘરે આવ્યો. ઘર સાવ સૂનું છે. કોઈ નથી. હવે શું કરવું. સદ્‌વિચાર પ્રગટ થયો. પ્રભુએ મને માયામાંથી મુક્ત કર્યો છે. તો હું ઘર છોડીને દ્વારિકાની યાત્રા કરવા જાઉં ત્યાં હરિભજન કરી મારા આત્માનું કલ્યાણ કરીશ.

રસ્તામાં લોજ ગામ આવ્યું ત્યાં સંતો મળ્યા. પગે લાગીને બેઠા. સંતોએ કહ્યું પ્રગટ પુરુષોત્તમ નારાયણ માનવ દેહે અગતરાઈ વિરાજે છે. ત્યાં જાવ તો દર્શન થશે. વણિક ભક્ત ફરતા ફરતા અગતરાઈ આવ્યા. ત્યાં શ્રીજી મહારાજનાં દર્શન થયા. ચિત્ત ભગવાનમાં ચોંટી ગયું.

અંતરમાં ઠંડક વળી. પ્રાર્થના કરતાં કહ્યું, પ્રભુ મને સદાય તમારા ચરણમાં રાખો. શ્રીજીમહારાજે ભાગવતી દીક્ષા આપી પ્રભાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું.

ચિત્ત ચોરાઈ જાય તો માયાનાં બંધન તૂટી જાય અને મુક્તદશાને પામી જાય છે. આપણે ભગવાનને પ્રાર્થના

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** ભગવાનને વિષે અચળ નિષ્ઠાવાળા ભક્તને કોઈ જાતનો વિક્ષેપ આવે છે કે નથી આવતો ?

**પ્ર. ૨** ઈન્દ્રિયોને જીતે અંતઃકરણ જીતાય છે કે અંતરને જીતે ઈન્દ્રિયોને જીતાય છે ?

**પ્ર. ૩** ''ઘનશ્યામ વિના, ઈષ્ટ જન શિર મેરો કોઈકું ના નમે, દેવી દેવ અનેક, ઔર ઠોર મન મેરો કબહુના ભમે - આ રચનાની પૂર્તિ અંતિમ કડી દ્વારા કરશો ?

**પ્ર. ૪** જેતલપુર અહિંસામય યજ્ઞમાં મહેમદાવાદના વંશીધર બ્રાહ્મણ સભામાં શક્તિને સર્વોપરી કહેવા લાગ્યો. તે સાંભળી શ્રીજી મહારાજે બીજા સારા વિદ્વાન આઠ બ્રાહ્મણને પ્રશ્ન કર્યો, ''બ્રાહ્મણ હોય તેણે શક્તિની. પૂજા શાણે કરીને કરવી, ત્યારે તે બ્રાહ્મણોએ ઉત્તરમાં શું કહ્યું ને તે આઠ બ્રાહ્મણના નામ જણાવશો.

**પ્ર. ૫** બામરોલીમાં તખાપગીના દીકરીના ઘરે શ્રીજી મહારાજે જઈને તેની કોઠીમાં બાજરીને જોઈને બાઈને શું કહ્યું ?

**પ્ર. ૬** એવો કીયો ગુણ છે જે એક આવે તો સર્વેગુણ આવે ?

**પ્ર. ૭** ''નયન શર તીખે હે નાથ તિહારે.... -આ કીર્તનના રચયિતાનું નામ જણાવો.

## નવેમ્બર-૨૦૧૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર ને પ્રીતિવાળો એ ચાર પ્રકારના હરિભક્તને મૃત્યુનો ભય નથી રહેતો ને છતે દેહે જ કલ્યાણ મનાઈ જાય છે. **(૨)** પ્રાતઃકાળ, સંગવકાળ, મધ્યાહનકાળ, અપરાહનકાળ, સાયંકાળ. **(૩)** માતા-પિતા, ગુરુ અને રોગાતુર એવો જે કોઈ મનુષ્ય તેની સેવા પોતાની શક્તિ પ્રમાણે પોતાના જીવંત પર્યંત કરવી - શ્લોક. ૧૩૯. **(૪)** લોયા-૪ ''શોક તો કરવો જ નહી ને આવે ત્યારે રાજી થાવું. **(૫)** સંવત ૧૮૭૮ શ્રાવણ સુદી-૨ ૪૪ દોહા-૭૭ ચોપાઈઓ. **(૬)** ''શ્રી હરિદાસ''. **(૭)** ''માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિધ્ન આવે નહિ. અને માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુધ્ધિએ કરીને જે, ભક્તિ કરે તો તેમાં વિધ્ન આવે છે.

૧ પટેલ જયંતિભાઈ અંબાલાલ (માણસા)
૨ પટેલ ઈલાબેન પ્રવિણભાઈ
૩ પટેલ સંગીતાબેન અરૂણભાઈ
૪ કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર)
૫ સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા)
૬ રીટાબેન જયેશભાઈ ઠક્કર (વસ્ત્રાપુર)
૭ પટેલ બિજલ ભરતકુમાર (સાબરમતી)
૮ પટેલ શારદાબેન રતીલાલ (સાબરમતી)
૯ હર્ષદ મંદિર (બાપુનગર)
૧૦ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૧૧ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૧૨ સાં.યો. બહેનો (વાવોલ)
૧૩ પટેલ ઉષાબેન (વાવોલ)
૧૪ ઝોલાપરા શોભના કે. (સુરેન્દ્રનગર)
૧૫ લલીતાબેન રમણલાલ પટેલ (સાબરમતી)
૧૬ શારદાબેન એચ. પટેલ (અમદાવાદ)
૧૭ કોકીલાબેન બાબુભાઈ (કુંડાલ)
૧૮ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૧૯ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૨૦ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૨૧ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૨૨ વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૨૩ અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડીયા)
૨૪ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર હવેલી)
૨૫ સાં.યો. કંચનબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૨૬ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૨૭ ભક્તિનગર મંદિર (મેમનગર)
૨૮ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૯ ડાભી ઈશ્વરજી રામાજી (ડાંગરવા)
૩૦ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૧ ડાભી પ્રભાતસિંહ કે. (ડાંગરવા)
૩૨ જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા)
૩૩ ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (ઝુલાસણ)
૩૪ વિનોદ પી. પટેલ (વહેલાલ)
૩૫ સાં.યો. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૩૬ સંગીતાબેન મનોજકુમાર પટેલ (અંબાપુર)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂન મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાનિધ્યમાં તા. ૧૬-૧૨-૨૦૧૭ થી તા. ૧૪-૧-૨૦૧૮ પર્યન્ત પવિત્ર ધનુર્માસમાં દર વર્ષની જેમ આ વરસે પણ સવારે ૬-૦૦ થી ૬-૪૫ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં હજારો સંત-હરિભક્તોએ મહા અલૌકિક લાભ લઈ સર્વોપરી ભગવાનના શ્રી સ્વામિનારાયણ નામ ની ધૂન કરી હતી. જેમાં આખા માસની ધૂન ત્રણ હજાર ઉપરાંત થઈ હતી અને દૈનિક ધૂન પાંચ હજાર ઉપરાંત થઈ હતી.

સુંદર અલૌકિક ભેટ પણ આપવામાં આવી હતી. પૂ. મહંત સ્વામીના મંડળના સંતોમાં બ્ર. પૂ. સ્વામી રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળ તેમજ હરિભક્તોએ પણ સુંદર સેવા બજાવી હતી. સભા મંડપને રોશનીથી ભવ્ય શણગારવામાં આવેલ. હજારો ભાવિક ભક્તોએ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના દર્શન કરી મહામંત્ર ધૂનમાં લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. (કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી તેમજ અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શન મુજબ બાપુનગરના પ.ભ. દિનેશભાઈ તરફથી તા. ૩૧-૧૨-૧૭ ને રવિવારે સવારે ૭-૦૦ કલાકે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં શાકોત્સવનું સુંદર આયોજન સંપન્ન થયું. ત્રણ હજાર જેટલા ભાવિક ભક્તોએ દેવદર્શન કરી, ધૂનમાં લાભ લઈ શાકોત્સવને માણી ધન્ય ધન્ય બન્યા હતા. આજે નારણઘાટ મંદિર અને બાપુનગરથી સેંકડો હરિભક્તોએ પદયાત્રા દ્વારા શ્રી નરનારાયણદેવના દર્શન કરી શાકોત્સવનો પ્રસાદ લીધો હતો. સમગ્ર પ્રસંગમાં કોઠારી જે.કે. સ્વામી અને શા. મુનિ સ્વામીની રાહબરી હેઠળ સ્વયં સેવકોએ સુંદર સેવા બજાવી હતી.

(કોઠારી શા. મુનિ સ્વામી)

**મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર પંચવટી કલોલ**

ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણ કમળથી પાવન થયેલ ઉત્તર ગુજરાતની અલબેલી નગરી કલોલમાં એન.આર.આઈ. અને શાંતિપ્રિય લોકો સ્થાયી થતાં છેલ્લા દશ વર્ષમાં હજારોની સંખ્યામાં પંચવટી કલોલમાં નવા નવા અદ્યતન રહેણાંક બંધાવા લાગ્યા.

કલોલમાં હરિમંદિરો હોવા છતાં પંચવટી વિસ્તાર મંદિર ન હોવાથી મૂળ સંપ્રદાયના હરિભક્તો મંદિરથી વંચિત થયા હતા તેવામાં અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદીના વર્તમાન આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના સંત મંડળને નૂતન શિખરબધ્ધ મંદિર નિર્માણ કરવાની ઈ.સ. ૨૦૧૧ માં આજ્ઞા કરી. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ કલોલ પંચવટીમાં વસતા ઉત્સાહી સેવાભાવી હરિભકતોમાં પટેલ પ્રવિણભાઈ શંકરભાઈ (મોખાસણવાળા) તથા જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ઓળાવાળા)ની આગેવાનીમાં બહુજ મોકાની જમીન પંચવટી પાર્ટી પ્લોટની સ્થળની પસંદગી કરી. અને શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદની મદદથી ૩૭૦૦ ચો.વાર જમીન ખરીદવામાં આવી.

ત્યારબાદ જમીનની કેટલાક કાયદાકીય ગૂંચવણોનો ઉકેલ તે સમયના મા.શ્રી શહેરી વિકાસમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની મદદથી ટૂંકા સમયમાં આવ્યો.

ઈ.સ. ૨૦૧૨ જૂન મહિનામાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભૂમિપૂજન વિધિવત રીતે સંપન્ન થયું.

કલોલમાં વસતા સેવાભાવી ઉદાર દાતા હરિભક્તોના તન,મન, ધનના સહયોગથી બંસીપહાડપુર

પથ્થરથી પાંચ શિખરના મંદિરનું નિર્માણ કાર્ય પુર ઝડપે ચાલુ થયું. જેમ જેમ દાનવીરોની દાનની સરવાણી ચાલતી રહી તેમ તેમ મંદિર આકાશ તરફ ઉંચે ગતિ કરવા લાગ્યું.

શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન વફાદાર હરિભક્તોના ઉત્સાહમાં દિનપ્રતિદિન વધારો થવા લાગ્યો. કેમ કે પોતાના ઈષ્ટદેવના વચન અનુસાર મંદિરની વ્યવસ્થા મળે તેમાં વધુમાં વધુ ભક્તોની સેવા ભળે એવી ભાવનાની સાથે મંદિરમાં પ્રસંગોપાત ઉત્સવો અને મોટા મોટા આયોજનો થવા લાગ્યા. વળી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૨ મો જન્મોત્સવ પણ પંચવટી કલોલના આયોજનમાં ધામધૂમથી ઉજવાયો.

મંદિરની નિર્માણની ગતિએ તીવ્ર વેગ પકડ્યો હતો તેવામાં નિર્માણના આયોજક સમિતિના કોઠારીશ્રી પ્રવિણભાઈ શંકરભાઈ પટેલ અચાનક આકસ્મિક રીતે શ્રીહરિની અખંડ સેવામાં અક્ષરવાસી થતાં કલોલના સમગ્ર સત્સંગમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ. જેનાથી બાંધકામનો વેગ થોડા સમય માટે થંભી ગયો. અમારા મોટાભાઈ પ્રવિણભાઈના અક્ષરવાસ પછી પૂ. પી.પી. સ્વામીએ મંદિરના કોઠારી તરીકેની સેવા અમને સોંપી. અમો સત્સંગના વ્યવહારમાં અજાણ હોવા છતાં સંતોના માર્ગદર્શન અને શ્રીજીની પૂર્ણકૃપાથી અમારા ઉત્સાહમાં દિનપ્રતિદિન વધારો થતો ગયો.

૨૦૧૭ એટલે માત્ર પાંચ થી છ વર્ષના સમયગાળામાં મંદિરનું બાંધકામ પૂર્ણતાના આરે આવી ગયું. મંદિરની સંલગ્ન સુવિધાઓ જેવી કે, સભામંડપ, ભોજનાલય, ઓફિસ, સંતોના આવાસ જેવી તમામ સુવિધાથી સપંન્ન ભક્તિ ખંડનું બાંધકામ માત્ર છ મહિનામાં પૂર્ણ થયું.

**મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

**તા. ૨૧-૧૧-૨૦૧૭ થી તા. ૨૭-૧૧-૨૦૧૭**

મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનુ મુહૂર્ત પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પસંદ કરી આજ્ઞા કરી. અને મહોત્સવના દાતાઓની પસંદગી કરવામાં આવી. ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે જેતલપુર મંદિરના સંત મંડળના હેત રૂચિ વાળા હરિભક્તોને પ્રેરણા કરીને પસંદગી કરવામાં આવી.

ઉત્સવનું આયોજન મંદિરથી નજીકમાં ગોપાલનગરના ૧૮ વીઘાના પટાંગણમાં કરવામાં આવ્યું. ૪૪૦ X ૧૦૦ નો વિશાળ કથા મંડપ, ૧૫૦ X ૧૫૦ નો ભોજન મંડપ, અખંડ ધૂન મંડપ અને પ્રદર્શન માટે આકર્ષક ગુફામાં બાર જ્યોર્તિલિંગનાં દર્શન રાખવામાં આવ્યા હતા. તથા સાત દિવસની સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનમાં હરિભક્તોએ ખૂબ જ લાભ લીધો.

મૂર્તિ પ્રતિષ્ઠાના અંગભૂત પંચ દિનાત્મક મહાવિષ્ણુયાગમાં મંદિર બાંધકામના મુખ્ય દાતાઓએ યજમાનપદે રહીને પ્રાણપ્રતિષ્ઠાની આનુસંગિક વિધિ. મંડપપૂજન, જળયાત્રા, ધાન્યાવાસ, ધૃતાવાસ, સ્થાપન, શયનવિધિ, કળશ પૂજા, ધજા પૂજા, નગર દર્શન વિગેરે શાસ્ત્રોક્ત પુરાણોક્ત વિધિ શાસ્ત્રી જીગ્નેશભાઈ જાનીના આચાર્યપદે કરવામાં આવી.

મહોત્સવમાં ખાસ વિશેષ મહત્વનું કે જે કોઈ વ્યક્તિ ધર્મારણ્યનગરમાં આવે તેને કોઈપણ પ્રકારના ભેદભાવ અને ઓળખ વગર સૌ કોઈને ભોજન જમાડવામાં આવતું. સાત દિવસમાં આશરે બે લાખથી વધુ લોકોએ પ્રસાદ ભરપેટ લીધો અને ભરપેટ વખાણ્યો. મહેસાણાના પ.ભ. પોપટલાલ પટેલના નેતૃત્વમાં કલોલના યુવાનો અને મહિલા સ્વયંસેવકોએ આગ્રહ કરી કરીને ભાવથી જમાડ્યા. કેમ કે ભોજનાલયનું નામ "ગંગામાં અન્નક્ષેત્ર" રાખવામાં આવેલું.

વિશાળ કથા મંડપમાં પંદર હજારની બેઠક વ્યવસ્થા ધરાવતા મંડપમાં પ્રત્યેક હરિભક્તને ખુરશીમાં બેસવાની સુવિધા આપવામાં આવી હતી. સંતો અને સાંખ્યયોગી બહેનોની સંખ્યા મહોત્સવની શોભામાં અભિવૃધિ કરી હતી. કલોલનગરના શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિ, સમાજના અગ્રગણ્ય માનવંતા મહેમાન ખાસ ઉપસ્થિત રહી મહોત્સવને માણતા હતા. બહેનોને દર્શન આપવા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પાંચ દિવસ સુધી નિત્ય કથામાં પધારતા હતા. અને તેઓશ્રીની પસંદગીના કીર્તનો ગવડાવાનો સંદેશો મોકલતા હતા.

ધામોધામથી સંતો દરરોજ પધારતા અને મંદિર આયોજન અને આયોજકની સેવાને બિરદાવતા હતા.

તા. ૨૬-૧૧-૨૦૧૭ ના રોજ ભાવિ આચાર્ય પ.પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે મંદિર અને મહોત્સવમાં દાન આપનાર દાતાઓનું તેમના કરકમળો વડે આશીર્વાદ-સ્મૃતિ ચિન્હ ભેટ આપવામાં આવેલ. તેઓએ આશીર્વચન આપતાં કહ્યું કે, કલોલનો ઉત્સવ છપિયાના મહોત્સવની સ્મૃતિ કરાવી રહ્યો છે. જાણે કે છપિયાના ઉત્સવમાં આવ્યા હોય તેવો અનુભવ થાય છે.

કથાના વક્તા શાસ્ત્રી પી.પી. સ્વામીએ આગવી શૈલીમાં કથામૃતનું સુંદર રસપાન કરાવ્યું. સમયસર કથા,

સમયસર આયોજનમાં શ્રોતાઓના ઉત્સાહમાં દિવ્યતાનાં દર્શન થતાં હતાં. તા. ૨૬ નવેમ્બરના રોજ ભગવાનની નગરયાત્રામાં જનમેદનીની દર્શન કરવાની ભીડ જીવનમાં ક્યારેય ન જોઈ હોય તેવી હતી. ભક્તોનો ઉત્સાહ એટલો હતો કે નાચ નૃત્ય થી ભગવાનને રાજી કરવા ભાન ભૂલી જતા હતા.

રાત્રે ૮ વાગે ભૂજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી, પાર્ષદ શ્રી જાદવજી ભગત, જેતલપુરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, છપિયા મહંત બ્રહ્મચારી વાસુદેવાનંદજી, મથુરા મહંત શાસ્ત્રી અખિલેશ્વરદાસજી આદિ વડીલ સંતો અને દાતાઓના વરદ્ હસ્તે મંદિર ઉદ્‌ઘાટન વિધિ રાખવામાં આવી. તેમાં ભૂલકાઓનું નૃત્ય, આતશબાજી, લાઈટ શો જેવા આકર્ષક પ્રોગ્રામ જોઈને ભક્તો મંત્રમુગ્ધ બની ગયા અને સમૂહમાં મંદિરની સમૂહ આરતીનો લ્હાવો લીધો.

તા. ૨૭ નવેમ્બરની વહેલી પ્રભાતે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મધ્ય મંદિરમાં પરમકૃપાળુ શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજ, શ્રી નરનારાયણદેવ, સુખશૈયા, પંચમુખી હનુમાનજી અને સિધ્ધિવિનાયક દેવની શાસ્ત્રોક્ત વિધિ સહિત મૂર્તિ પ્રતિષ્ઠા વિધિન્યાસ કરીને પંચામૃત વડે મૂર્તિઓનો મહાભિષેક વિધિવત રીતે સંપન્ન થયો.

સભામાં ધર્મકુળ પૂજન, સંતપૂજન, સન્માન વિધિ તેમજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સંતો-હરિભક્તો દાતાઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પંચવટી મંદિર શ્રી નરનારાયણદેવ ગાદીની માલિકીનું છે. જમીનનો ખર્ચ કાલુપુર મંદિર તરફથી કરવામાં આવ્યો અને બાંધકામ તથા મહોત્સવ દાતાઓના દાનમાંથી થયો. બાંધકામનો સમય છ વર્ષ હતો. તેમાં સાત કરોડ રૂપિયાનો ખર્ચ થયો. બંસીપહાડપુર અને જોધપુરના પથ્થરોથી ૧૦૮ થાંભલાઓ, પાંચ શિખર વિશાળ ધુમ્મટથી સુશોભિત ૮૧ ફૂટ ઉંચાઈએ ધજા ફરકે છે. મધ્ય મંદિરમાં બિરાજમાન શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ પંચધાતુમાંથી બનાવેલ છે. મહોત્સવના આયોજનમાં અમારા મંડળના સંતોમાં સભા સંચાલક શાસ્ત્રી ભક્તિનંદનદાસજી, આયોજક મહંત કે.પી. સ્વામી, સ્વામી નારાયણપ્રસાદદાસજી મહેસાણા, શાસ્ત્રી દેવસ્વરૂપદાસજી જયપુર, શાસ્ત્રી સચિદાનંદદાસ કલોલ, ભાનુ સ્વામી મુળી, હરિપ્રકાશદાસજી મકનસર, કે. પી. સ્વામી બ્રહ્મચારી છપિયા, હરિસ્વરુપાનંદજી બ્રહ્મચારી છપિયા, બ્રહ્મચારી પવિત્રાનંદજી, છપિયા, સર્વેશ્વર સ્વામી મથુરા વિગેરે સંતોએ ખૂબજ પરિશ્રમ કર્યો હતો. (મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી, કોઠારી ઘનશ્યામભાઈ શંકરદાસ પટેલ)

**ગાંધીનગર, સેક્ટર-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અમૃતવર્ષા મહોત્સવ ઉજવાયો**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા શુભાશીર્વાદથી ગાંધીનગર, સેક્ટર-૨૩ ના આપણા સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૧-૧૨-૨૦૧૭ થી તા. ૨૫-૧૨-૨૦૧૭ સુધી અમૃતવર્ષા મહોત્સવનું આયોજન ખૂબજ દિવ્યતાથી થયું હતું.

તે અંતર્ગત દર્શનીય, જાણવા, માણવા, નિહાળવા જેવું પ્રદર્શન ''અમૃત વર્ષા પ્રદર્શનમ્'' નું ઉદ્‌ઘાટન તા. ૧૭-૧૨-૧૭ ને રવિવારે થયું હતું. જેમાં ભારતીય સંસ્કૃતિના વિવિધ ધાર્મિક સ્થળોને ૫૬૦૦ ચોરસફૂટના ભારતના નકશા ઉપર દર્શાવાયા હતા. તેમજ ભક્તો દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ કલાકૃતિઓનું પણ તાદૃશ દર્શન નિહાળી ધન્યતા અનુભવાતી હતી. આશરે પચાસેક હજાર જેટલી ધર્મપ્રેમી જનતાએ આ પ્રદર્શનમ્‌ને નિહાળ્યું હતું.

તા. ૨૧-૧૨-૨૦૧૭ ને ગુરુવારે સવારે અમૃતવર્ષા મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ અને ઠાકોરજીની શોભાયાત્રા ખૂબજ દિવ્ય કલ્યાણકારી હતા. પાંચ દિવસના આ સમારોહમાં કથા-વાર્તા, સત્સંગ સભા ઉપરાંત વિનામુલ્યે બી.એમ.ડી. નિદાન કેમ્પ (નિદાન, જરૂરી સલાહ તેમજ વિના મૂલ્યે દવા) શ્રીહરિપૂજન, મારૂતિયાગ, મહાનૈવેદ્ય, અમૃત તુલાવિધિ, સત્સંગ ગોષ્ઠી, અમૃતવર્ષા નગરયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાઅભિષેક, મહાનિરાજન, આશીર્વાદની અમૃતવર્ષા, શાકોત્સવ, બહેનોનો સત્સંગ અને સદ્‌ભાવલક્ષી કાર્યક્રમ વગેરે અનેકવિધ પ્રેરણાદાયી અને મોક્ષદાયી કાર્યક્રમો થયા હતા.

તા. ૨૫-૧૨-૨૦૧૭ ને સોમવારે સવારે ૯-૦૦ વાગ્યે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. પૂ. મહારાજશ્રીએ સમસ્ત સત્સંગ સમાજને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીને દીક્ષા લીધે ૬૦ વર્ષ પૂર્ણ થતા તેમના દ્વારા થયેલી સત્સંગ સેવાને બિરદાવીને આવી સેવા તેમના દ્વારા થતી રહે તેવા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાસ્ત્રી સ્વામીની કલમે લખાયેલ બે નવા પુસ્તકો

''હરિબલ ગીતા કથા વિવેચન'' તેમજ ''નારાયણ ગીતા''નું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધામોધામથી મોટી સંખ્યામાં સંતો તથા દેશ-વિદેશથી હજારો હરિભક્તો પધાર્યા હતા. અમૃતવર્ષા મહોત્સવમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનાં દર્શન અને આશીર્વાદથી સર્વત્ર સ્વામિનારાયણ ભગવાન અને નરનારાયણદેવનો જયજયકાર થઈ રહ્યો.

(નારાયણ વી. જાની)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા શાકોત્સવ**

પરબ્રહ્મ પરમાત્મા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુરધામના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ મહેસાણા મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. ઉત્તમપ્રિયદાસજી તથા મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીના આયોજનથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા ખાતે તા. ૨૪-૧૨-૧૭ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

ધામોધામથી પધારેલા સંતોની સુંદર ઉપસ્થિતિમાં મંદિરના વિશાળ ચોકમાં સૌ પ્રથમ યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિ અને ધૂન થયા હતા. ત્યારબાદ સંતોના આશીર્વચન અને છેલ્લે સંતોના વરદ્ હસ્તે અલૌકિક શાકનો વધાર થયો હતો. મહેસાણા અને આજુબાજુના હજારો હરિભક્તોએ શાકોત્સવનો લાભ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર પ્રસંગમાં બહેનોની રોટલા બનાવવાની સેવા અને સ્વયં સેવકોએ પ્રેરણાત્મક સેવા બનજાવી હતી.

(કોઠારી હિતેન્દ્રસિંહ - મહેસાણા)

**ટ્રેન્ટ ગામે શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. વયોવૃધ્ધ સંત સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રેન્ટ દ્વારા તા. ૨૪-૧૨-૨૦૧૭ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરથી પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી,પૂ. શા.સ્વા. ભક્તિવલ્લભદાસજી, અંજલી મંદિરથી મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી, શા. ભક્તિનંદનદાસજી આદિ સંત મંડળે કથા વાર્તા કરી ભક્તોને રાજી કર્યા હતા. ગામના તમામ ભક્તોએ શાકોત્સવનો પ્રસાદ લઈ ખૂબજ રાજી થયા હતા. બહેનોએ રોટલા બનાવવાની સુંદર સેવા કરી હતી.

શાકોત્સવના યજમાન પ.ભ. પટેલ કલ્યાણભાઈ (ટ્રેન્ટ) પરિવાર રહ્યાં હતા. (કોઠારીશ્રી ટ્રેન્ટ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રામાં સત્સંગ સભા**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી જેતલપુરધામ નિવાસી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના કાશીન્દ્રા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે રાત્રીય સત્સંગ સભા તા. ૨૦-૧૨-૨૦૧૭ ના રોજ રાખવામાં આવી હતી. જેમાં અંજલી મંદિરથી શા. ભક્તિનંદન સ્વામી, ભાત મંદિરથી સ.ગુ. દાસ સ્વામી આદિ સંત મંડળે કથા વાર્તા કરીને સુંદર લાભ આપેલ. યુવક મંડળે કીર્તન ભક્તિ કરી હતી. યુવક મંડળ દ્વારા દર માસની વદ બારસે અહીં મંદિરમાં સભા થાય છે. ગામના ઘણા ભક્તો તેનો લાભ લેવા પધારે છે. છેલ્લે ઠાકોરજીની આરતી થાળ કરી સૌને પ્રસાદ જમાડવામાં આવેલ. **અમદાવાદમાં વસતા કાશીન્દ્રા ગામના ભક્તો ને દરમાસની વદ બારસે સભાનો લાભ લેવા ખાસ અનુરોધ છે.** (યુવક મંડળ - કાશીન્દ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ શાકોત્સવ**

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તેમજ મહંત કે.પી. સ્વામી અને મહંત વી.પી. સ્વામીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ ખાતે પ્રથમવાર તા. ૨૫-૧૨-૨૦૧૭ના રોજ શાકોત્સવનું સુંદર આયોજન શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધામોધામના સંતો પધાર્યા હતા. સભામાં કુહાગામના યુવક મંડળે સુંદર કીર્તન ભક્તિથી શરૂઆત કરી હતી. ત્યારબાદ શા. સ્વામી ભક્તિનંદનદાસજીએ કથા કરી હતી. ત્યારબાદ પધારેલા સંતોમાં જેતલપુરના પૂજ્ય મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, અમદાવાદ કાલુપુરના પૂ. સ્વા. જગતપ્રકાશદાસજી, શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી અને આનંદ સ્વામી આદિ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે પૂ. શ્યામ સ્વામી, પૂ. શા. ભક્તિવલ્લભ સ્વામી, મહંતશ્રી કે.પી. સ્વામી તથા શાકોત્સવના યજમાન શ્રી ભરતભાઈ નટવરભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ નટવરભાઈ, શ્રી હર્ષદભાઈ મૂળજીભાઈ પટેલ અને શ્રી નવિનભાઈ મૂળજીભાઈ પટેલ (કુબડથલ) પરિવારે શાકોત્સવનો વધાર કરીને ઠાકોરજીની આરતી ઉતારી

હતી. સૌ ભક્તોએ દિવ્ય પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી નિલેભાઈ પટેલ - કુબડથલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા અંજલી મંદિરના મહંત સ.ગુ. વિશ્વપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ નો ૫૫ મો વાર્ષિક પાટોત્સવ તા. ૩૦-૧૧-૧૭ થી તા. ૪-૧૨-૧૭ સુધી ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પંચદિનાત્મક રાત્રીય શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન નાવયુવાન શા.સ્વા. ભક્તિનંદનદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. રોજ વિવિધ પ્રકારના અન્નકૂટ મહિલા મંડળ દ્વારા બનાવીને ઠાકોરજીને ધરાવવામાં આવતો હતો.

પાટોત્સવના દિને જેતલપુર સંત મંડળના હસ્તે ઠાકોરજીની મહાપૂજા, ષોડશોપચાર પૂજન મહાભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગના યજમાન પ.ભ. અંબાલાલભાઈ હરિભાઈ પટેલ, અ.નિ. સવિતાબેન અંબાલાલભાઈ પટેલ પરિવાર, પ.ભ. નરેન્દ્રભાઈ (કોઠારીશ્રી) આદિ પરિવારજનોએ લાભ લીધો હતો. ધામો ધામના સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. યજમાન પરિવારના બહેનોએ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સભા સંચાલન શા.સ્વા. હરિપ્રકાશદાસજી (ભકનસર) એ સુંદર રીતે શોભાવ્યું હતું. સૌ ભક્તોએ અલૌકિક લાભ લઈ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી, કોચરબ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલીમાં સત્સંગ સભા**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી દ્વારા છેલ્લા ઘણા સમયથી દર માસે સત્સંગ સભા થાય છે. તા. ૧૭-૧૨-૨૦૧૭ના રવિવારના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આરતી વિવેચન કથા શા.સ્વામી ભક્તિનંદનદાસજીએ પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સભામાં વિરાજમાન થઈ દર્શન આપતા હતા. જેતલપુર ધામથી પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામી સંત મંડળ સાથે પધાર્યા હતા. આ પ્રસંગે અંજલી મંદિરને મલ્ટીકલરથી સુંદર સુશોભિત કર્યું હતું. જેમાં સેવા કરનાર યજમાનોનું સન્માન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે સાથે શાકોત્સવનું પણ સુંદર આયોજન પ.ભ. ઠક્કર નરેન્દ્રભાઈ શિવલાલભાઈ પરિવાર તથા કનુભાઈ શાંતિલાલ કાછીયા તથા શ્રી રમેશચંદ્ર ડાહ્યાલાલ ઠક્કરના યજમાનપદે થયું હતું.

આ સર્વે યજમાનોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. સમગ્ર સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠ્યા હતા. સભા સંચાલન અત્રેના મહંત વી.પી. સ્વામીએ કર્યું હતું. અંજલી મંદિરનો આગામી પાટોત્સવ તા. ૨૬-૧-૨૦૧૮ થી તા. ૩૦-૧-૨૦૧૮ સુધી ધામધૂમથી ઉજવાશે. યુવક મંડળ અને મહિલા મંડળની સુંદર સેવા રહી હતી. કાંકરિયા યુવક મંડળ દ્વારા સુંદર કીર્તન ભક્તિ કરવામાં આવી હતી. અંજલી મંદિરની આગામી સભા જાન્યુઆરી-૨૦૧૮ ત્રીજા રવિવારે થશે.

(કોઠારીશ્રી, અંજલી મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા દશાબ્દી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી નારણઘાટ તથા ગાંધીનગર)નીપ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા (માણસા)માં બિરાજમાન ઠાકોરજીનો દશાબ્દી પાટોત્સવ અ.નિ. પ.ભ. ગોવિંદભાઈ મૂળજીભાઈ ચૌધરી તથા મણીબેન ગોવિંદભાઈ ચૌધરી તથા ગં.સ્વ. જીવતબેન, લક્ષ્મણભાઈ ચૌધરીના સંકલ્પથી અને જીવન પર્વ પ્રસંગે શ્રીમદ્ ભાગવત નવમા સ્કંધની પંચાન્હ પારાયણ તા. ૧૭-૧૨-૨૦૧૭ થી તા. ૨૧-૧૨-૨૦૧૭ પર્યન્ત સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતના સુમધુર તાલે થઈ હતી. આ પ્રસંગમાં અનેક ભક્તોએ નાની-મોટી સેવામાં યજમાન બની લાભ લીધો હતો.

આ પ્રસંગે તા. ૨૧-૧૨-૨૦૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્

હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી. ત્યારબાદ યજમાનોનું સન્માન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામના સંતો પૈકી કાલુપુર મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ ઘણા સંતોએ પધારીને પોતાની અમૃતવાણીનો લાભ આપેલ.

ગામના સૌ હરિભક્તોએ મહા અલૌકિક લાભ લઈ ધન્યતા અનુભવી હતી. (કોઠારીશ્રી ભીમપુરા)

**મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર ભાગવત સપ્તાહ એવં દિવ્ય શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર, નારાયણઘાટ)ની પ્રેરણાથી તથા પ.ભ. ભરતભાઈ પ્રભુદાસ પટેલ તથા અ.સૌ. પ્રજ્ઞાબેન ભરતભાઈ પટેલના શુભ સંકલ્પથી શ્રીહરિના ચરણોથી અંકિત પાવન તીર્થભૂમિ મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૫-૧૨-૨૦૧૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ રાત્રીય પારાયણ સ.ગુ. શા. સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના મધુર સૂર સાથે ધામધૂમથી સંપન્ન થઈ હતી. હજારો હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. તા. ૨૫-૧૨-૨૦૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૩૧-૧૨-૧૭ ના રોજ કથાની પૂર્ણાહુતિ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થઈ હતી. ભવ્ય શાકોત્સવ પણ ઉજવાયો હતો. મોટેરા અને આજુબાજુના ગામના ભક્તોએ કથા શ્રવણ, દેવ દર્શન અને ધર્મકુળ દર્શન કરી શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરી ને જીવનને ધન્ય બનાવ્યું હતું. ધામો ધામથી સંતો પધાર્યા હતા. સભાનું સુંદર સંચાલન સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શોભાવ્યું હતું. મોટેરા શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. યજમાન પરિવારે અલૌકિક લાભ લઈને કૃતાર્થ થયા હતા. (કોઠારીશ્રી, મોટેરા)

**જમીયતપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર ૮ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. છપૈયાપ્રસાદદાસજી અને પાર્ષદ હાર્દિક ભગતની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરાનો ૮ મો પાટોત્સવ પટેલ નારણભાઈ અને પટેલ કોકીલાબેન નારણભાઈ પરિવાર તરફથી માગસર સુદ-૮ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે ઠાકોરજીની મહાપૂજા, અભિષેક, અન્નકૂટ વિધિવત રીતે થયા હતા. ઠાકોરજીની અન્નકૂટ આરતી પૂ. સ.ગુ. શા. સ્વામી હરિકેશવદાસજી, સ.ગુ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, પૂ. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, સ.ગુ. સ્વામી રઘુવીરચરણદાસજી અને સાથે યજમાન પરિવારે ઉતારી હતી. યજમાન પરિવારનું સંતો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. હાર્દિક ભગતે પ્રસાદીની શાલ અને શ્રીહરિના ચરણારવિંદ ભેટરૂપે આપ્યા હતા. પૂ. સંતોના વરદ્ હસ્તે તમામ ભક્તોને શિક્ષાપત્રી ભેટ રૂપે આપી હતી. ગાંધીનગર-નારણઘાટ મંદિરના મહંત શા. પી.પી. સ્વામીએ સુંદર સહકાર આપ્યો હતો. સંતોએ શા. સ્વા. છપૈયાપ્રસાદદાસજી અને હાર્દિક ભગતનું સન્માન કર્યું હતું. (હાર્દિક ભગત - કાલુપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ૨૮ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા હિંમતનગર મંદિરના મહંત શા. સ્વા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી સર્વોપરી ઘનશ્યામ મહારાજનો ૨૮ મો વાર્ષિક પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌ પ્રથમ નૂતન મંદિરનું નિરીક્ષણ કરી ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. સમસ્ત સભાને પ્રસન્ન ચિત્તે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવના યજમાન પટેલ દિનેશભાઈ પુરૂષોત્તમદાસ (સાચોદર) રહ્યાં હતાં. અનેક સંતો પણ પધાર્યા હતા. સમગ્ર આયોજનમાં મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને શ્રી ઘનશ્યામ મહિલા મંડળે સારી સેવા બજાવી હતી.

(જય એમ. પટેલ - હિંમતનગર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ રજત જયંતી પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત શા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલનો રજત જયંતી મહોત્સવ

તા. ૧૨-૧૨-૧૭ થી તા. ૧૬-૧૨-૧૭ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથા સ.ગુ. શા.સ્વા. ભક્તિનંદનદાસજી (અંજલી)ના વક્તાદે થઈ હતી. સાથે સાથે ત્રિદિનાત્મક વિષ્ણુયાગ પણ વિધિવત રીતે થયો હતો.

તા. ૧૬-૧૨-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી અને યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. ત્યારબાદ સભામાં બિરાજમાન થયા હતા અને સમગ્ર સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સમસ્ત બહેનોના ધર્મગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપી રાજી થયા હતા. આ પ્રસંગમાં જેતલપુર ધામથી પૂ. શા. પી.પી. સ્વામી, પૂ. સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, વાલી મંદિરથી કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજીએ પ્રસંગમાં સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

ધામોધામથી ઘણા સંતો પધાર્યા હતા. સમગ્ર આયોજન મહંત શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી કિરીટભાઈએ કર્યું હતું. યુવક મંડળ અને મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી. (જય એમ. પટેલ - હિંમતનગર)

**મહાદેવનગરમાં સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મહાદેવનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર માસના છેલ્લા ગુરુવારે શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સભા થાય છે. જેમાં સંતો પધારે છે. અને સર્વોપરી શ્રીહરિ અને ધર્મકુળના માહાત્મય સાથે સત્સંગની વૃધ્ધિ થાય તેવી ઉપદેશાત્મક કથા કરીને સુંદર લાભ આપે છે.

તા. ૩૦-૧૧-૧૭ ના ગુરુવાર ગાંધીનગર મંદિરથી સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને સત્યસંકલ્પ સ્વામીએ ભગવાન શ્રીહરિની કથા કરી સુંદર લાભ આપેલ. આ વિસ્તારમાં વસતા હરિભક્તોને દર માસના છેલ્લા ગુરુવારના સભામાં લાભ લેવા ખાસ અનુરોધ છે.

(કોઠારી નટુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુરમાં ધનુર્માસ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર અમદાવાદમાં સર્વે હરિભક્તો મળીને ધનુર્માસમાં સવારે ૫-૧૫ થી ૬-૧૫ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન આખો માસ કરી હતી. એકાદશીના સવારે ૪-૪૫ કલાકે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરતા કરતા પ્રભાત ફેરી કરી હતી. રોજ રાત્રે ધૂન-ભજન કીર્તન કર્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ગોમતીપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા શાકોત્સવ**

ધોળકાધામ નિવાસી શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી તથા કોઠારી સત્યસંકલ્પદાસજીના માર્ગદર્શનથી તા. ૨૨-૧૨-૧૭ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા અને સૌ પ્રથમ શ્રી મોરલી મનોહરદેવના દર્શન કરી અલૌકિક શાકનો વઘાર પોતાના વરદ્ હસ્તે ધામધૂમપૂર્વક સંપન્ન થયો હતો.

વિશેષ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધોળકા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ધોળકા દેશના કોઠારીશ્રીઓની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ.પૂ. મહારાજશ્રીએ ધોળકા દેશના ગામોમાં સત્સંગની વિશેષ પ્રચાર પ્રસાર પ્રવૃતિ સક્રિય રીતે કરવા ખાસ આજ્ઞા કરી હતી. ધનુર્માસમાં કોઠારી સ્વામીની પ્રેરણાથી યુવક મંડળ અને ધોળકાના હરિભક્તોએ આખો માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સવારે ૭-૧૦થી ૮-૦૦ વાગ્યા સુધી કરી હતી.

(સુરેશભાઈ પૂજારા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાગોસણા ભવ્ય શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા નારણઘાટ અને ગાંધીનગર મંદિરના મહંત સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી તેમજ સમસ્ત પાટીદાર પરિવાર અમદાવાદ-વાગોસણાના સુંદર આયોજનથી તા. ૨૪-૧૨-૨૦૧૭ ના રોજ વાગોસણા ગામે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. જેના મુખ્ય યજમાન અ.નિ. પટેલ મંગળદાસ વલ્લભદાસ પટેલ, હ. પ્રહલાદભાઈ, ત્રિકમભાઈ, પ્રવિણભાઈ તથા સહ યજમાન ગં.સ્વ. પટેલ કાંતાબેન ચંદુલાલ મોતીદાસ હ. રાજેશભાઈ તથા પંકજભાઈ, પટેલ શકરીબેન

ભગુભાઈ હ. મુકેશભાઈ આદિ ઘણા હરિભક્તોએ નાની મોટી સેવા કરી લાભ લીધો હતો. ધામો ધામથી પધારેલા સંતોએ શાકોત્સવનો મહિમા કથાના રૂપમાં કહ્યો હતો. હજારો હરિભક્તોએ શાકોત્સવને માણી-દર્શન કરી, પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર જામસર (હાલાર) ભવ્ય શાકોત્સવ

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મૂળી મંદિરના ટ્રસ્ટી સ.ગુ. શા. સ્વા. નારાયણપ્રસાદદાસજીની પ્રેરણાથી તા. ૧૯-૧૨-૧૭ ના રોજ હાલાર પ્રદેશ નો ભવ્ય શાકોત્સવ જામસર ગામે ભવ્યતાથી ઉજવાયો.

સૌ પ્રથમ જામસર મંદિરમાં કીર્તન ભક્તિ અને ત્યારબાદ ભગવત કથાનું રસપાન શા.સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર મહંતશ્રી) એ કરાવ્યું હતું. શાકોત્સવ પ્રસંગમાં ધામોધામના સંતો, સાંખ્યયોગી બહેનો તેમજ દેશોદેશના હરિભક્તો પધાર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ આગમન થતા સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને પાધરીયા હનુમાનજીની આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. યજમાન પરિવારો દ્વારા પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારવામાં આવી હતી. પ્રાસંગિક સભામાં સ.ગુ. શા. સ્વામી નારાયણપ્રસાદદાસજીએ હાલારના નિષ્ઠાવાન સત્સંગને બિરદાવ્યો હતો. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અલૌકિક શાકનો વધાર કર્યો હતો. સૌ હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

બહેનોએ રોટલા બનાવવાની સેવા અને યુવક મંડળે રસોડાની સેવા નિષ્ઠાપૂર્વક બજાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ.ગુ. આત્મપ્રકાશ સ્વામી (મૂળી)એ કર્યું હતું.

(સ્વામી આત્મપ્રકાશદાસજી - કોઠારશ્રી જામસર)

## વિદેશ સત્સંગ સમાચાર

### હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિર

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા. ભક્તિ સ્વામી અને નિલકંઠ સ્વામીની પ્રેરણાથી આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨ નવેમ્બર થી ૪ નવેમ્બર દરમ્યાન તુલસી વિવાહ ધામધૂમથી ઉજવાયો. મંદિરના હોલમાં સુંદર રાસ ગરબા સાથે તુલસીજી અને ભગવાનના લગ્ન થયા હતા. તેમાં યજમાન પરિવારોએ સુંદર લાભ લીધો હતો. સંતોએ તુલસી વિવાહનું માહાત્મ્ય કહ્યું હતું. સેવા કરનાર યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા ભરતભાઈ ભગતના માર્ગદર્શનથી આપણા હિન્દુ શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ખાતે ૩ થી ૪ નવેમ્બરના સૌ હરિભક્તોએ સાથે મળી તુલસી વિવાહ ધામધૂમથી ઉજવ્યો હતો. બહેનોએ સુંદર રાગમાં તુલસી માતાના ગરબા અને રાસ રમ્યા હતા. બીજે દિવસે ભવ્ય વરઘોડો આખા મંદિરમાં ફેરવીને મુખ્ય ગ્રાઉન્ડમાં પ્રદક્ષિણા કરીને વાજતે ગાજતે લગ્ન મંડપમાં બિરાજમાન કર્યા હતા. હરિભક્તોએ પ્રસંગ રૂપ યજમાન બની વર અને કન્યા પક્ષ અને મોસાળ પક્ષનો અલૌકિક લાભ લઈ ભવ્ય તુલસી વિવાહ ઉજવ્યો હતો. ભરત ભગતે તુલસી વિવાહનું સુંદર માહાત્મ્ય કહ્યું હતું. સેવા કરનાર યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

### પારસીપની છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે પારસપની મંદિરના મહંત શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી આપણા પારસીપની છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં નવેમ્બર માસના પ્રથમ વિકમાં ભવ્ય તુલસી વિવાહ ઉજવાયો. બહેનો દ્વારા રાસ-ગરબાની રમઝટ સાથે લગ્ન મંડપમાં તુલસી માતાના લગ્ન થયા હતા. જેમાં વરપક્ષ, કન્યા પક્ષ અને મોસાળ પક્ષના યજમાન હરિભક્તોએ બની મહા લાભ લઈ ધન્ય બન્યા હતા. પૂ. સંતોએ તુલસી માતાના લગ્નનું માહાત્મ્ય મહિમા કથાના રૂપમાં કહ્યો હતો. સેવા કરનાર યજમાનોનું સન્માન સભામાં સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. (શાહ પ્રવિણભાઈ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ભાદરવા સુદ-૧ | પટેલ વીણાબેન રાવજીભાઈ (બુંદી) | કુબડથલ |
| ભાદરવા સુદ-૧ | અ.નિ. વરસાણી અમરબાઈ હીરજીભાઈ (બુંદી) | રામપરવેકરા |
| ભાદરવા સુદ-૨ | વેકરીયા રામબાઈ વાલજીભાઈ (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| ભાદરવા સુદ-૨ | અ.નિ. રાઘવાણી અમરબાઈ હીરજીભાઈ (ચુરમાના લાડુ) | માધાપર-કચ્છ |
| ભાદરવા સુદ-૩ | અ.નિ. પૂજારી સ્વામી નારાયણપ્રિયદાસજી (મોહનથાળ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૩ | શાહ ઉષાબેન દેવેન્દ્રભાઈ (મહોનથાળ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૪ | અ.નિ. સ.ગુ. શા. સ્વા. ભગવતચરણદાસજી (ચુરમાના લાડુ) | જામજોધપુર |
| ભાદરવા સુદ-૪ | ભાવસાર મુકુન્દભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૪ | અ.નિ. પટેલ પ્રેમજીભાઈ વાધાભાઈ (બુંદી) | બાયડ |
| ભાદરવા સુદ-૪ | સૈજા પ્રજ્ઞેશભાઈ બિપીનભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૫ | ગાજપરીયા લાલજીભાઈ મનજીભાઈ (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| ભાદરવા સુદ-૬ | પટેલ ગુણવંતભાઈ ડાહ્યાભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૬ | ગોંડલીયા રંજનબેન કે. (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૬ | પટેલ નારણભાઈ વાલજીભાઈ (મોહનથાળ) | નડીયાદ |
| ભાદરવા સુદ-૭ | શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (બુંદી) | વિસનગર |
| ભાદરવા સુદ-૯ | અંબિકા ટ્રેડીંગ કાું. કમલેશભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૯ | અ.નિ. પટેલ ઘનશ્યામભાઈ ભીખાભાઈ (દૂધપાક-પુરી) | કુબડથલ |
| ભાદરવા સુદ-૧૨ | પટેલ જયંતીભાઈ અમીચંદભાઈ (ચુરમાના લાડુ) | ડુંગરી |
| ભાદરવા સુદ-૧૨ | પરમાર હેમરાજભાઈ નારણભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | સોની રતિલાલ રવચંદ | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | હિરાણી મેઘજીભાઈ (મૈસુબ) | કોડકી-કચ્છ |
| ભાદરવા સુદ-૧૨ | અ.નિ. પટેલ કીરીટકુમાર ઘનશ્યામભાઈ (ચુરમાના લાડુ) | કુંડાળ |
| ભાદરવા સુદ-૧૨ | સહજાનંદ કન્ટ્રસ્ટ્રકશન કું. (માવજી લાલજી) (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| ભાદરવા સુદ-૧૩ | શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર (કાજુબદામ મૈસુબ) | કોલોનીયા |
| ભાદરવા સુદ-૧૩ | કાછડીયા નિલેશભાઈ ગોગનભાઈ (દૂધપાક-પુરી) | કાંકરિયા |
| ભાદરવા સુદ-૧૩ | કામદાર ધીરેનભાઈ અનંતરાય હ. મયંકભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૪ | પટેલ માવજીભાઈ મનજીભાઈ (ચુરમાના લાડુ) | ગાંધીનગર |
| ભાદરવા સુદ-૧૫ | કોરાટ જયાબેન પરસોતમદાસ (મોહનથાળ) | સુરત |
| ભાદરવા વદ-૧ | કામદાર અંતરાય ગુણવંતલાલ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧ | અ.નિ. રાવલ હરિકૃષ્ણ શિવશંકર (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧ | અ.નિ. મધુબેન ભટ્ટ (દૂધપાક-પુરી) | વડોદરા |
| ભાદરવા વદ-૨ | હાલાઈ અરજણ વેલજી (ચુરમાના લાડુ) | સુરજપર-કચ્છ |
| ભાદરવા વદ-૨ | અ.નિ. પટેલ રમણભાઈ બકોરભાઈ (ચુરમાના લાડુ) | સાબરમતી |
| ભાદરવા વદ-૪-૫ | પટેલ નિલકંઠભાઈ નારણભાઈ (મોહનથાળ) | અમદાવાદ |

| | | |
|---|---|---|
| ભાદરવા વદ-૪-૫ | મહેતા નરેશભાઈ નરોત્તમદાસ (મૈસુબ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪-૫ | અ.નિ. ભાવસાર ચિમનલાલ મુલચંદભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪-૫ | રાબડીયા લાલજી હરજી (બુંદી) | સુખપર-કચ્છ |
| ભાદરવા વદ-૪-૫ | ગંભીરસિંહ તથા દિલીપસિંહ મોતીસિંહ (દૂધપાક-પુરી) | ભાયલા |
| ભાદરવા વદ-૪-૫ | અ.નિ. હરગોવિંદદાસ પરસોતમદાસ (મોહનથાળ) | વિહાર |
| ભાદરવા વદ-૪-૫ | અ.નિ. પટેલ રમેશભાઈ ભલાભાઈ, અ.નિ. ચંદ્રકાંત રમેશભાઈ (મોહનથાળ) | ધમીજ |
| ભાદરવા વદ-૪-૫ | સાં. રતનબાઈ (મોહનથાળ) | હિરાપર-કચ્છ |
| ભાદરવા વદ-૬ | અ.નિ. ઠક્કર મહેન્દ્રભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૬ | અ.નિ. પોકાર રામજીભાઈ વાલજીભાઈ (માલપુંવા) | સુરત |
| ભાદરવા વદ-૭ | અ.નિ. જાકાસણીયા વસંતબેન ગોરધનભાઈ (ચુરમાના લાડુ) | મોરબી |
| ભાદરવા વદ-૭ | અ.નિ. પટેલ બળદેવભાઈ નારણભાઈ (બુંદીના લાડુ) | ડિગુંચા |
| ભાદરવા વદ-૭ | અ.નિ. વરસાણી પ્રેમબાઈ રામજી (બુંદીના લાડુ) | ભારાસર-કચ્છ |
| ભાદરવા વદ-૮ | સોની નિરંજનાબેન ગોવિંદભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૮ | મોજીચા ચંદ્રકાંતભાઈ ઓધવજીભાઈ (ચુરમાના લાડુ) | સુરત |
| ભાદરવા વદ-૮ | અ.નિ. હાલાઈ રામબાઈ રૂડા (ચુરમાના લાડુ) | કેરા-કચ્છ |
| ભાદરવા વદ-૮ | અ.નિ. શાહ ઈન્દુમતીબેન તથા અ.નિ. રમણલાલ નારણદાસ (મોહનથાળ) | |
| ભાદરવા વદ-૯ | મોદી રીટાબેન જયંતીલાલ (દૂધપાક-પુરી) | મુંબઈ |
| ભાદરવા વદ-૧૦ | દરજી વિપુલ એન. (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૦ | અ.નિ. પટેલ પ્રહલાદભાઈ મગનદાસ (દૂધપાક-પુરી) | કલ્યાણપુરા |
| ભાદરવા વદ-૧૦ | સોલંકી વીણાબેન મગનલાલ (મોહનતાળ) | |
| ભાદરવા વદ-૧૦ | અ.નિ. હિરાણી કરશન હરજી (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| ભાદરવા વદ-૧૨ | અ.નિ. મધુભાઈ શામજીભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૨ | જાની વિરમતીબેન મહેશકુમાર (મગસ) | સાબરમતી |
| ભાદરવા વદ-૧૨ | અ.નિ. પટેલ અંબાલાલ ભુલાભાઈ (મગસ) | પોર |
| ભાદરવા વદ-૧૨ | પટેલ શારદાબેન અમૃતલાલ (બુંદી) | રાજપુર |
| ભાદરવા વદ-૧૨ | પટેલ લીલાબેન ગોરધનભાઈ (મૈસુબ) | કુબડથલ |
| ભાદરવા વદ-૧૨ | પટેલ ધારાબેન બાબુભાઈ (મોહનથાળ) | રાણીપ |
| ભાદરવા વદ-૧૨ | પટેલ હિરાબેન ઈશ્વરલાલ (મોહનથાળ) | ઉંઝા |
| ભાદરવા વદ-૧૨ | બાબરીયા પરસોતમભાઈ બાવનજીભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૨ | અ.નિ. પટેલ હરિકૃષ્ણ હિરાભાઈ અ.નિ. હિરાભાઈ છોટાભાઈ (બાસુંદીપુરી) | બોડેલી |
| ભાદરવા વદ-૧૨ | પટેલ વિનોદભાઈ બી. (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૩ | માડા કાંતિભાઈ ભીખાભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૩ | અ.નિ. વરસાણી ગંગાબાઈ રવજી (મોહનથાળ) | સામત્રા-કચ્છ |
| ભાદરવા વદ-૧૪ | અ.નિ. દબાસીયા નંદુબાઈ પરબત (મૈસુબ) | માધાપર-કચ્છ |
| ભાદરવા વદ-૧૪ | પટેલ રતિલાલ મોહનલાલ (મોહનથાળ) | મેથાણ |
| ભાદરવા વદ-૩૦ | પટેલ વિરમભાઈ ધરમાભાઈ (મોતીયા લાડુ) | ડેમાઈ |
| ભાદરવા વદ-૩૦ | અ.નિ. વરસાણી નાથાભાઈ મનજી (મોતીયા લાડુ) | સામત્રા-કચ્છ |
| ભાદરવા વદ-૩૦ | અમરબાઈ લક્ષ્મણ (મોતીયા લાડુ) | સુખપર-કચ્છ |

| | | |
|---|---|---|
| આસો સુદ-૧ | પટેલ રવિ સુમનભાઈ (ચુરમાના લાડુ) | ઉનાવા |
| આસો સુદ-૧ | પિંડોરિયા મેઘબાઈ કરશન (ચુરમાના લાડુ) | ગોધરા-કચ્છ |
| આસો સુદ-૩ | અ.નિ. દોશી જસવંતભાઈ અમુલખભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| આસો સુદ-૪ | પટેલ ઈન્દુબેન ભરતભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| આસો સુદ-૪ | ઘનશ્યામભાઈ નારણભાઈ (બુંદી) | જરવલા |
| આસો સુદ-૪ | સોની રમેશચંદ્ર ચતુરદાસ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| આસો સુદ-૬ | પટેલ મૌલિકકુમાર રાજેશભાઈ (મગસ) | કાળીગામ |
| આસો સુદ-૮ | અ.નિ. સોની સવિતાબેન રમણલાલ (દૂદપાક) | અમદાવાદ |
| આસો સુદ-૧૦ | ભાવસાર મૌલિક (માલપુવા) | વડોદરા |
| આસો સુદ-૧૦ | વિઠ્ઠલાણી હરગોવિંદદાસ ((ચુરમાના લાડુ) | અમદાવાદ |
| આસો સુદ-૧૦ | ધાનાણી હંસાબેન તુલસીભાઈ (ડ્રાઈફ્રૂટ હલવો) | |
| આસો સુદ-૧૨ | પટેલ લક્ષ્મણભાઈ શીવરામદાસ (બુંદી-મૈસુબ) | ઉંઝા |
| આસો સુદ-૧૨ | પટેલ કૃષ્ણકાંત કુરજીભાઈ (મોહનથાળ) | ગાંધીનગર |
| આસો સુદ-૧૨ | ગોંડલીયા પોપટભાઈ રામજીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| આસો સુદ-૧૨ | અ.નિ. પટેલ કમળાબેન રામજીભાઈ (મગસ) | ધરમપુર |
| આસો સુદ-૧૩ | પટેલ કલાવતીબેન સુરેશભાઈ (મગસ) | કલોલ |
| આસો વદ-૧ | અ.નિ. અમીન જસીબેન રાજુભાઈ (મોહનથાળ) | વહેલાલ |
| આસો વદ-૩ | અ.નિ. પટેલ પ્રવિણભાઈ મોહનભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| આસો વદ-૩ | સેલડીયા હિંમતભાઈ ગોવિંદભાઈ (મોહનથાળ) | ગાંધીનગર |
| આસો વદ-૩ | અ.નિ. ચૌધરી સોનીબા સેંધાભાઈ (મોહનથાળ) | |
| આસો વદ-૩ | પટેલ હરગોવનદાસ ચતુરદાસ (મોહનથાળ) | રાજપુર |
| આસો વદ-૫ | અ.નિ. ટાંક નર્મદાબેન વસંતભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| આસો વદ-૭-૮ | અ.નિ. સોની નંદલાલ ગિરધરલાલ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| આસો વદ-૧૦ | વેકરીયા કુરજીભાઈ લાલજી (મોહનથાળ) | માંડવી-કચ્છ |
| આસો વદ-૧૦ | પટેલ ઓમ કનુભાઈ (સાટા) | અમદાવાદ |
| આસો વદ-૧૦ | જયેશકુમાર રણછોડભાઈ (મોહનથાળ) | મોટા ધરોણા |
| આસો વદ-૧૨ | પટેલ પ્રહલાદભાઈ વિહિદાસ (મોહનથાળ) | વડુ |
| આસો વદ-૩૦ | વનીતાબેન મનજીભાઈ (ચુરમાના લાડુ) | હ્યુસ્ટન-અમેરિકા |
| કારતક સુદ-૨ | અ.નિ. સોનીબેન સેંધાભાઈ ચૌધરી (સાટા) | |
| કારતક સુદ-૨ | અ.નિ. ગજ્જર વાસુદેવભાઈ (સાટા) | અમદાવાદ |
| કારતક સુદ-૪ | અ.નિ. હાલાઈ મનજીભાઈ શિવજી (ચુરમાના લાડુ) | સૂરજપર-કચ્છ |
| કારતક સુદ-૪ | અ.નિ. ગજ્જર ગિરધરભાઈ મોતીભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| કારતક સુદ-૪ | સચાણીયા ભાવિનભાઈ નરોતમભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| કારતક સુદ-૫ | અ.નિ. પારેખ શાંતાબેન પ્રેમચંદભાઈ (સાટા) | અમદાવાદ |
| કારતક સુદ-૫ | અ.નિ. વિશ્રામ હરજી વાઘજીયાણી (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| કારતક સુદ-૫ | પટેલ પરસોતમભાઈ દાસ (ચુરમાના લાડુ) | મોખાસણ |
| કારતક સુદ-૯ | પટેલ કાંતિભાઈ પબાભાઈ (મગસ) | નરોડા |
| કારતક સુદ-૧૦ | રાવલ નાનજીભાઈ જાદવભાઈ (મોતીયા લાડુ) | સુરત |

| | | |
|---|---|---|
| કારતક સુદ-૧૦ | ગં.સ્વ. વાલબાઈ મનજી (મોતીયા લાડુ) | માંડવી-કચ્છ |
| કારતક સુદ-૧૦ | અ.નિ. પટેલ ધીરજબેન કનુભાઈ (ચુરમાના લાડુ) | ધ્રાંગધ્રા |
| કારતક સુદ-૧૧ | હાલાઈ રોહીણી પી. (શ્રીખંડપુરી - ફરાળ) | મેઘપર-કચ્છ |
| કારતક સુદ-૧૨ | આંબવીયા સુરેશભાઈ ડાહ્યાભાઈ (અડદીયા) | જેતપર |
| કારતક સુદ-૧૨ | પટેલ રશ્મિકાંત વિપુલકુમાર (અડદીયા) | ડાંગરવા |
| કારતક સુદ-૧૪ | પટેલ વિષ્ણુભાઈ વિરાભાઈ (મગસ) | ભાણપુર |
| કારતક સુદ-૧૫ | નથુભાઈ તથા હિરાબેન (મગસ) | હિંમતનગર |
| કારતક સુદ-૧૫ | અ.નિ. પટેલ ચંદ્રિકાબેન મોહનભાઈ (માલપુંવા) | ભાટેરા |
| કારતક વદ-૧/૨ | પટેલ ભગવાનભાઈ પિતાંબરભાઈ (દૂધપાકપુરી) | અમદાવાદ |
| કારતક વદ-૧/૨ | પટેલ સોમાભાઈ મગનદાસ (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૧/૨ | અ.નિ. પટેલ કાંતિભાઈ પ્રેમજીભાઈ (અડદીયો) | ધનસુરા |
| કારતક વદ-૧/૨ | હિરાણી પ્રેમજી રવજી (અડદીયો) | સુખપર-રોહા |
| કારતક વદ-૩ | સુશીલાબેન (જય શિયારામ) (મોહનથાળ) | પોરબંદર |
| કારતક વદ-૩ | અ.નિ. વાઘજીયાણી કુવરજીભાઈ દેવજી (મોહનથાળ) | મેઘપર-કચ્છ |
| કારતક વદ-૪ | પટેલ ગીતાબેન ચુનીલાલ (દૂધપાકપુરી) | |
| કારતક વદ-૬ | ડાભી શિવુભાઈ મનુભાઈ (અડદીયો) | જવારજ |
| કારતક વદ-૯ | પટેલ શાંતાબેન રજનીકાંત (મગસ) | કુંડાળ |
| કારતક વદ-૯ | અ.નિ. પટેલ રઘુભાઈ પિતામ્બરભાઈ (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| કારતક વદ-૯ | પટેલ દેવેન્દ્રભાઈ અરવિંદભાઈ (મગસ) | કલાવનપુરા |
| કારતક વદ-૯ | ભાવસાર નિલેશભાઈ આત્મારામ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૯ | અ.નિ. મંગળાબેન ભાઈલાલભાઈ (દૂધપાકપુરી) | મોટેરા |
| કારતક વદ-૯ | ભાવસાર વ્રજેશ રસિકલાલ (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૧૨ | ખેતાણી પ્રેમજી માવજી (મગસ) | મદનપુર-કચ્છ |
| કારતક વદ-૧૨ | ભૂડીયા રજની વિશ્રામ (મગસ) | સુખપર-કચ્છ |
| કારતક વદ-૧૨ | દવે ભરતભાઈ (મગસ) | સુખપર-કચ્છ |
| કારતક વદ-૧૨ | પટેલ ભરતકુમાર ગાંડાભાઈ (કાજુબદામ મૈસુબ) | સોલા |
| કારતક વદ-૧૪ | મહેતા સદ્‌ગુણાબેન રઘુવીરપ્રસાદ (બુંદી) | અમદાવાદ |
| કારતક વદ-૩૦ | હિરાણી વાલબાઈ વાલજી કરશન (અડદીયો) | કચ્છ |

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી વાસણા**
**પાટોત્સવ મહા સુદ-૧૪ તા. ૩૦-૧-૨૦૧૮**
**મંગળવારે છે**

**મહા શિવરાત્રી ઉપવાસ**
**મહાવદ-૧૩ તા. ૧૩-૨-૨૦૧૮ અને મંગળવારે છે.**
**(નિર્ણયમાં શરત ચૂકથી તા. ૧૪-૨-૧૮ ને બુધવાર છપાયું છે)**

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

**shreeswaminarayan9@gmail.com**

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ અને વિહાન આદિ પરિવાર — લેસ્ટર

૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ) ભૂડીયા કાંતિલાલ કેસરા

૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના લંડન-ફોટડી(કચ્છ) રાજીપા અર્થેઅ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ

૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન

૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ

૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા

૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ

૧૦૦/- અ.નિ. કમળાબેન રામભાઈ પટેલના સ્મરણાર્થે — મોખાસણ

૧૦૦/- પટેલ બળદેવભાઈ વિસાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા

૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી

૧૦૦/- મોદી વિનુભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૦૧/- ડાભી જસવંતસિંહ અમથાજી ચિ. હર્ષરાજસિંહના લગ્ન પ્રસંગે — ડાંગરવા

૧૦૦/- પટેલ કાવ્ય પ્રિયંકકુમાર રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઉનાવા

૫૦૧/- પટેલ કૈલાશબેન કાંતિભાઈ ચિ. પૌત્રી પ્રિયંકા સી.એ. થઈ તે નિમિત્તે — મુંબઈ

૨૦૧/- પટેલ અનિતાબેન મુકેશકુમાર ચિ. કુશલના જન્મ દિને — વાવોલ

૩૦૧/- ભાવસાર અલ્પેશ સેવંતીલાલ નવો ફલેટ લીધો તે નિમિત્તે — અમદાવાદ

૧૦૧/- ભાવસાર કાવ્યા અલ્પેશભાઈ જન્મ દિને — અમદાવાદ

૧૦૧/- ભાવસાર સેજલબેન અલ્પેશભાઈ જન્મ દિને — અમદાવાદ

૧૦૦/- પટેલ રજનીકાંત રવજીભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે — નાંદોલ

૫૦૦/- પટેલ પ્રકાશ હસમુખલાલ ચિ. ધ્યેયના જન્મ દિને — વાવોલ

૫૦૦/- પટેલ પ્રકાશ હસમુખલાલ ચિ. પ્રાંશીના જન્મ દિને — વાવોલ

૧૦૦/- ચૌહાણ શૈલેન્દ્રસિંહ ભીખુભા શ્રીજી પ્રસન્નાર્થે — ભોળાદ

૧૦૦/- ચૌહાણ મેઘના શૈલેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ભોળાદ

૧૦૦/- ચૌહાણ હિનાબા શૈલેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ભોળાદ

૧૦૦/- ચૌહાણ ધ્રુવરાજસિંહ શૈલેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ભોળાદ

૧૦૦/- ચૂડાસમા હરદિપસિંહ પૂર્વજીતસિંહ તા. ૧૯-૧૧ જન્મ દિને — ઝિંઝર

૧૫૧/- મોદી ઉર્વિષા ગૌરવ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે — અમદાવાદ

૨૦૧/- પટેલ આયુષ હરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વડોદરા

૫૦૦૦/- પરમાર રતનબેન સવજીભાઈ ચિ. હાર્દિકભાઈ બિપીનભાઈ પરમાર કલાસવન અધિકારી બન્યા તે નિમિત્તે — કલ્યાણગઢ-બાવળા

૨૦૧/- મોદી ઘનશ્યામભાઈ હિરાલાલ જન્મ દિને — વિસનગર

૫૦૧/- પટેલ શૈલેષભાઈ ટી. નવો ફલેટ લીધો તે નિમિત્તે — વડુવાળા

૧૧૨૫/- ચૌહાણ પૃથ્વીરાજ પ્રકાશ કાચા સાડીઝ શ્રીજી પ્રસન્નાર્થે — લેસ્ટર

૫૦૦/- કાચા મોહન જયરામ શ્રીજી પ્રસન્નાર્થે — લેસ્ટર

૫૦૦/- રાઠોડ નિર્મળાબેન વેલજી શ્રીજી પ્રસન્નાર્થે — લેસ્ટર

૫૦૦/- જોશી દિપકભાઈ મેટ્રો પેપર ગુજરાતી શ્રીજી પ્રસન્નાર્થે — લેસ્ટર

૧૦૧/- ભાવસાર પ્રવિણા હસમુખભાઈ જન્મ દિને — અમદાવાદ

૧૦૦/- રામાણી દયાળજીભાઈ કચરાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મનફરા-કચ્છ

૧૦૦/- મિરાણી છગનલાલ દેવચંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — આદીપુર-કચ્છ

૧૦૦/- પટેલ કિરણબેન ભરતકુમાર ચિ. કિશનને કેનેડાના સ્ટુડન્ટ વિઝા નિમિત્તે — અમદાવાદ

૧૫૦/- પટેલ વાણી કલ્પેશભાઈ તા. ૯-૧૦-૧૭ જન્મ પ્રસંગે — ચડાસણા

૧૫૦/- પટેલ પાર્થ-પાશ્વ પંકજભાઈ જન્મ દિને ૧૯-૪ — ચડાસણા

૧૦૦/- પટેલ દેવલ કલ્પેશભાઈ જન્મ દિને ૧૮-૧૧ — ચડાસણા

૧૦૦/- પટેલ કુસુમબેન માધવલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ચડાસણા

૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસના સ્મરણાર્થે — મહેસાણા

૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલના સ્મરણાર્થે — મહેસાણા

૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસના સ્મરણાર્થે — સાબરમતી

૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલના સ્મરણાર્થે — સાબરમતી

૨૦૦/- પટેલ કેયુરીબેન હાર્દિકકુમાર ભાણાના જન્મ પ્રસંગે — વાવોલ

૧૦૦/- કા. રૂષિલ હર્ષદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલાસિનોર

૨૦૦/- સોની શિવાંસ કૃણાલભાઈ ઈન્દ્રવદનભાઈ પ્રથમ જન્મ દિને — સાણંદ

૨૫૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાવળા

૧૫૧/- પટેલ નીતાબેન પોપટભાઈ ચિ. નિયમની ચૌલક્રિયા નિમિત્તે — અંબાપુર

૧૫૦/- અ.નિ. પટેલ શ્રિત અજયભાઈ બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે — નાંદોલ

૫૦૦/- પટેલ પ્રિશા જીગરભાઈ વિક્રમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઉનાવા

૧૦૧/- અ.નિ. કા. જીગર ગોવિંદભાઈ પુણ્યતિથિ નિમિત્તે — કોઠંબા

૧૦૦/- પટેલ ધ્વનિ દેવાંશી નિમિષ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ

૧૦૦/- સ્વામી જરી કમલેશભાઈ જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગવાડા

૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ કેશાભાઈ સર્વોપરી છપૈયાધામ યાત્રા નિમિત્તે — વહેલાલ

૧૦૦/- મોદી વિનુભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — નવા વાડજ

૨૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ ચિ. પુત્રવધુ નૈનાબેનના જન્મ દિને — કરજીસણ

૧૦૧/- પટેલ જીનિતભાઈ ભગાભાઈ ભોળીદાસ જન્મ દિને — સોજાવાળા

૧૦૦/- પટેલ મંગુબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નારદીપુર

૨૦૦/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — સેટેલાઈટ

૨૦૧/- પટેલ ભવ્યાબેન નિકુંજભાઈ જન્મ દિને — પુંધરા

૧૦૧/- ચોટલીયા ચેતન મનસુખલાલ લગ્ન પ્રસંગે — સુરત

૨૫૦/- પટેલ કામ્ય, નિકુલકુમાર જન્મ દિને તા. ૭-૧૨ — ધમાસણા

૫૦૦/- પટલે સતીષભાઈ ગોવિંદભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — ઉંઝા

૫૦૧/- પોરીયા વિજય શાંતિલાલ ચિ. મિતના જન્મ દિને — જામસર

૧૦૦/- અ.નિ. પટેલ ઉષાબેન દશરથભાઈ ૧૧ મી પુણ્યતિથિ નિમિત્તે — અસલાલી

૨૦૦/- કા. ચિરાગકુમાર સુભાષચંદ્ર જન્મ દિને

૧૦૦/- વાઘેલા પૂર્વરાજસિંહ મેહુલસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૦/- વાઘેલા ઉમરાજસિંહ, ધર્મેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૧/- સુખડીયા નિશિત યોગેશકુમાર જન્મ દિને — વિરાટનગર

૧૧૧/- સાપરીયા પ્રિયાંશ જયેશભાઈ જન્મ દિને — મુંબઈ

૧૦૧/- પોરીયા આરવ અશ્વિનભાઈ જન્મ દિને — સાણંદ

૨૦૦/- અ.નિ. ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્યતિથિ નિમિત્તે — ટાંકીયા

૨૦૦/- અ.નિ. ચૌહાણ લાલજી બળદેવજીના સ્મરણાર્થે ટાંકીયા
૧૦૧/- વાળંદ મફતભાઈ ધૂડાભાઈ ખારોલ
ડાહીબેનનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૦૧/- પટેલ જશ પરેશભાઈ કાશીરામ જન્મ દિને વિહાર
૧૦૦/- પટેલ યશ જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૧૦૧/- દુધાત સુરતી કમલેશભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- વાઘેલા અશોકસિંહ જામસિંહ નવી રૂમો બનાવી તે નિમિત્તે ગોધાવી
૨૦૦/- પટેલ મહેન્દ્રકુમાર અંબાલાલ માણેકપુર
ચિ. પુત્રી આરતીને ત્યાં ભાણીના જન્મ પ્રસંગે
૧૦૦/- પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ સંસ્કાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૧/- કા. હેતવી જતીનકુમાર બાલાસિનોર
તા. ૧૩-૧૦-૧૭ જન્મ પ્રસંગે
૧૦૧/- સિંધવ સુનિતાબેન વનરાજસિંહ બળોલ-ભાલ
ચિ. રાજવીબાના બીજા જન્મ દિને
૧૦૦૧/- ભાવસાર દેવાંગ મુકેશભાઈ લગ્ન પ્રસંગે અમેરિકા
૧૦૦૧/- ભાવસાર મુકેશભાઈ પોપટલાલ અમેરિકા
અમેરિકામાં કાયમી સ્થાયી તે નિમિત્તે
૨૦૦/- પટેલ વ્રજેન્દ્રકુમાર ધર્મેન્દ્રભાઈ જન્મ દિને ભાઉપુરા
૧૦૦/- ચાવડા અરવિંદભાઈ નરસીભાઈ ધૂડકોટ
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ યશ હેમંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ કૃતિક સંજયભાઈ જન્મ દિને અમદાવાદ
૧૫૧/- દેસાઈ રૂજુલ જયેશકુમાર પુત્રીના જન્મ પ્રસંગે અમદાવાદ
૧૦૦/- અ.નિ. પટેલ જગદીશભાઈ હેમાભાઈના સ્મરણાર્થે પરઢોલ
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૨૦૦/- પટેલ કક્ષ કલ્પેશભાઈ સી. જન્મ દિને ગાંધીનગર
૧૦૦/- પટેલ કિરપાબેન રમેશભાઈ જન્મ દિને બાકરોલ
૧૦૦/- પટેલ સવિતાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૨૦૧/- પટેલ પિયુષભાઈ રામાભાઈ સૂકાટીંબા
ચિ. સુપુત્ર ચિરાગના લગ્ન પ્રસંગે
૧૦૧/- પટેલ વિશાલકુમાર હસમુખભાઈ દહેગામ
મેનેજરનું પ્રમોશન મળ્યું તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. પટેલ ભીખુભાઈ હસુભાઈ પુણ્યતિથિ નિમિત્તે બાવળા
૨૦૧/- સિંધવ રણછોડભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વણી
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ પ્રવિણકુમાર જગજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ પ્રીત અરવિંદભાઈ જન્મ દિને અમદાવાદ
૧૧૧/- નાગર નવીનચંદ્ર બાબુલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઝાણુંવાળા
૧૦૦/- ચૌધરી હર્ષિલ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૫૦૧/- ચૌહાણ પંથકુમાર પ્રકાશભાઈ જન્મ પ્રસંગે બારડોલી
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૧૧૧/- પટેલ ક્રિષ્ણાકુમાર વાડીલાલ ગોઠીબ
આલ્ફાટેક સોફવેર કું.માં જોબ મળી તે નિમિત્તે
૧૦૧/- ડૉ. જગદીશભાઈ એન. સિંધવ ૭૦ માં જન્મ દિને બળોલવાળા

૧૦૦/- પટેલ અંજનબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૫૦૦/- પટેલ દિલીપભાઈ બહેચરભાઈ નેત્રામલી
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- મોદી રમીલાબેન ડી. ચિ. ડેન્લાસાબેન ધો-૧૦ માં અમદાવાદ
ફર્સ્ટ કલાસ પાસ નિમિત્તે
૧૦૦/- પટેલ હેપી હિતેષકુમાર નારણભાઈ જન્મ દિને ગુલાબપુરા
૫૦૦/- પરમાર ઘનશ્યામ જગદીશભાઈ ધૂડકોટ
મોશ વર્ડ કોમ્પીટીશન અર્થે અમેરિકા ગયા તે નિમિત્તે
૧૫૧/- અ.નિ. કુલકર્ણી અનીલભાઈ નરેન્દ્રભાઈ અમદાવાદ
પુણ્યતિથિ નિમિત્તે
૧૦૧/- સોની વાસુદેવભાઈ જગજીવનદાસ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ અલ્પેશકુમાર ત્રિકમલાલ ગુલાબપુરા
નવી આઈ-૨૦ લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ ભાવેશકુમાર ત્રિકમલાલ ગુલાબપુરા
ચિ. પનવના જન્મ પ્રસંગે
૧૦૦/- ઘનશ્યામભાઈ પરિવાર ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે વિસનગર
૨૦૧/- પટેલ શૈલેષકુમાર ત્રિકમલાલ વડુવાળા
શ્રધ્ધા ડેરી પાર્લરના ઉદ્‌ઘાટન નિમિત્તે
૧૦૧/- કા. કામીનીબેન પરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૦/- પટેલ અરવિંદભાઈ પ્રભુદાસ ચિ. નિધિબેનના લગ્ન પ્રસંગે માણસા
૧૦૦/- પટેલ તથ્ય હરેશભાઈ ડી. જન્મ દિને તા. ૧-૧૨ વડનગરવાળા
૨૦૧/- પટેલ મથુરભાઈ ગોકળદાસ નવી દુકાનના ઉદ્. નિમિત્તે ગવાડા
૧૦૧/- મકવાણા પુષ્પાબેન અમરતભાઈ પૂના
તેમના માતુશ્રીના સુંદર સ્વાસ્થ્ય નિમિત્તે
૨૫૧/- પટેલ હર્ષ વિનોદભાઈ પ્રથમ પગાર નિમિત્તે ઓઢવ
૧૫૧/- અ.નિ. મોદી શારદાબેન જયંતીભાઈ હિંમતનગર
ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૧/- વિનુભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે નવાવાડજ
૧૦૦/- અમીન વર્ષાબેન જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૧૦૧/- પટેલ સાન્વી સંજયભાઈ જન્મ પ્રસંગે મોખાસણ
૫૦૦/- પટેલ અમિત નંદુભાઈ ચિ. મિત્સુના જન્મ દિને ગાંધીનગર
૧૦૧/- ચૌહાણ કેવલ અશોકભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- મોદી હેનીલ ભરતભાઈ જન્મ દિને સાબરમતી
૨૦૦/- બારભાયા લલીતરાય અમરશી અમદાવાદ
અ.નિ. દમયંતીબેનના મોક્ષાર્થે
૧૦૦/- મોદી લીલાબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે મેમનગર
૫૦૦/- પટેલ અરવિંદભાઈ સોમદાસ જન્મ દિન નિમિત્તે મોખાસણવાળા
૧૦૦/- ગેરેટીયા શુભ જીજ્ઞેશભાઈ અમદાવાદ
કેનેડાના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/- ગેરેટીયા પ્રેમીલાબેન નરેશભાઈ છત્રાલ
પૌત્ર શુભ જીજ્ઞેશભાઈને કેનેડાના વિઝા નિમિત્તે
૧૦૧/- મોદી ગૌતમભાઈ પ્રહલાદભાઈ સાબરમતી
ચિ. ખુશ્બુના લગ્ન પ્રસંગે
૫૦૦/- ચૌધરી જૈમિન દશરથભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૫૦૦/- પટેલ કપીલાબેન પ્રહલાદભાઈ અમદાવાદ
અમેરિકા અને કેનેડાના સુખરૂપ પ્રવાસ નિમિત્તે
૧૫૦/- દરજી રૂષિકા ધ્રુપદ પુત્ર જન્મ પ્રસંગે અમદાવાદ
૨૦૦/- પટેલ કિરણબેન પ્રિયલકુમાર જન્મ દિને ઉનાવા

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# શાકોત્સવ


ધોળકા


બાપુપુરા


જામસર (હાલાર)


ટ્રેન્ટ


મહેસાણા


ભાભર


કુબડથલ


આંતરોલી


રાણીપ

Registered under RNI is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020




કાલુપુર મંદિરમાં ધનુર્માસ પ્રસંગે હવેલીમાં પારાયણનો લાભ લેતા અને રંગમહોલમાં શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરતા મહિલા હરિભક્તો.

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ.મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ
પ.પૂ.લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધધ્યક્ષસ્થાને અ.મુ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડાધામને આંગણે


શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજ



શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજનો ૬૫મો વાર્ષિક પાટોત્સવ

## સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જન્મસ્થાન હવેલી ઉદ્‌ઘાટન મહોત્સવ

પ્રારંભ :- તા.૨૧-૧-૨૦૧૮ મહાસુદ-૪, રવિવાર ● પૂર્ણાહુતિ :- તા. ૨૫-૧-૨૦૧૮, મહાસુદ-૮, ૨૦૧૮

આયોજક:- મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી - શ્રી સ્વામિનારાયણ મંદિર - ટોરડાધામ


પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ


અ.મુ.સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી

લાઈવ પ્રસારણ
હમારા લક્ષ્ય
online : www.lakshyatv.com



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (ભુંડિયા)

## મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

તા.૦૭/૦૨/૨૦૧૮ થી
તા.૦૯/૦૨/૨૦૧૮

પ્રેરણા : સ.ગુ. શા. પી.પી.સ્વામી (ગાંધીનગર તથા નારણઘાટ મહંતશ્રી)
નિમંત્રક :- કોઠારીશ્રી તથા સમસ્ત સત્સંગ સમાજ ધરમપુર (ભુંડિયા) તા.જી. ગાંધીનગર


કથા પ્રારંભ
તા. ૦૨-૦૨-૨૦૧૮, શુક્રવાર
સવારે : ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે

પૂર્ણાહૂતિ
તા.૦૮-૦૨-૨૦૧૮, ગુરુવાર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ હસ્તે
શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રીસ્વામિનારાયણ મંદિર - સાપાવાડા
ધર્મ ભક્તિ શ્રી આજ્ઞા ઉપાસના
મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ
પ્રતિષ્ઠા તા. ૦૮ ફેબ્રુઆરી, ૨૦૧૮

શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણના વક્તા
સ.ગુ. શા. સ્વામી ભક્તિનંદનદાસજી - અંજલી
સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી - બાપુનગર

નિમંત્રક
મહંતસ્વામી માધવપ્રસાદદાસજી તથા
સાપાવાડા સત્સંગ સમાજ



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - મોયદ (પ્રાંતિજ)માં

## શ્રી હરિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૦૬-૦૨-૨૦૧૮ થી ૧૦-૦૨-૨૦૧૮

વક્તા:- સ.ગુ.શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) ● નિમંત્રક:- સ.ગુ. સ્વામી પ્રાણજીવનદાસજી (પ્રાંતિજ મહંતશ્રી)